પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૫/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જિલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૪૦


**સુવિચાર**

સંબંધોની હુંફ જીવનની સંજીવની છે. જીવનમાં સંપત્તિનું સ્થાન ઉંચું થઈ ગયું છે અને સ્નેહનું સ્થાન નીચું થઈ ગયું છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૬૩૦૦


## તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રી વચ્ચે જ જોવા મળી રહ્યો છે

# હાહાકાર : અમરેલી જિલ્લામાં ગરમીથી સૌ તોબા તોબા

**છેલ્લા ૧૦-૧૫ દિવસથી સવારનાં ૯થી સાંજનાં ૬ સુધી અને બાદમાં ૯ સુધી વાતાવરણમાં ગરમી જોવા મળે છે**

**કમોસમી વરસાદનાં માહોલ વચ્ચે અચાનક ગરમીમાં તોતીંગ વધારો જતાં સૌ કોઈ પરેશાન**

**આગામી અઠવાડીયામાં ગરમીનો પારો ૪૦ આસપાસ આવે તેવી હવામાન નિષ્ણાંતોની આગાહી**

**ભારે ગરમીથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે**


ફાઈલ તસ્વીર





અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો છેલ્લા ઘણા દિવસોથી ૪૩ થી ૪૬ ડીગ્રી વચ્ચે રહેતા કાળઝાળ ગરમી પડી રહી છે અને સામાન્ય જનજીવન અસ્ત વ્યસ્ત બની ગયુ છે.

એક અઠવાડીયા પહેલા કાળઝાળ ગરમી વચ્ચે ભારે પવન સાથે કમોસમી વરસાદ ખાબકતા ખેડુતો પરેશાન થયા અને તુરત જ કાળઝાળ ગરમી શરૂ થતા જિલ્લાની જનતા તોબા પોકારી ગઈ છે.

સવારનાં ૯ થી સાંજના ૬ સુધી અને રાત્રિના ૮-૯ વાગ્યા સુધી ગરમીનો અનુભવ સૌ કરતા જોવા મળ્યા હતા. છેલ્લા દાયકાઓમાં કયારેય ન પડી હોય તેવી ગરમી પડી હોવાનુ બુઝુર્ગો જણાવી રહયા છે.

અમરેલી જિલ્લમાં ભારે ગરમીથી પશુ-પક્ષીઓની હાલત પણ દયનીય બની ચુકી છે અને હજુ બે થી ત્રણ દિવસ સુધી ગરમીનો માહોલ જોવા મળશે બાદમાં તાપમાનનાં પ્રમાણમાં ઘટાડો થાય તેવું હવામાન નિષ્ણાંતો જણાવી રહયા છે.

## રૂપિયા ૬.૬૫ લાખ માટે નોકરી જોખમમાં મુકી

# ધારીની આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી મેનેજરે જ રૂપિયાની ચોરી કરી લીધી

**પોલીસે સીસીટીવી ફૂટેજનાં આધારે ચોરી પકડી લીધી**



અમરેલી, તા. ૨૫

'લાલચ બુરી ચીજ હૈ' પૈસાની લાલચ જ માણસને ગેરમાર્ગે દોરી અને ગુન્હો કરવા મજબુર કરી દે છે. ત્યારે ધારી ગામે આવેલ એક બેન્ક મેનેજર બેન્કમાં પડેલા ખાનગી નાણાં જ બેન્કનો મેનેજર ચોરી કરી લઈ જાય છે. ત્યારે પોલીસે સી.સી.ટી.વી., ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સની મદદ વડે ચોરીનો ભેદ ઉકેલી બેન્કના મેનેજરની અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનવાની વિગત એવી છે કે, અમરેલી જિલ્લાના ધારી ગામે આવેલ અજાણ્યા ઈસમે આઈસીઆઈસીઆઈ બેન્કમાં પ્રવેશ કરી બેન્કમાં બેન્કના સર્વર


**અનુસંધાન પાના ૬ ઉપર**



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ,અમરેલી
સ્વનિર્ભર વિભાગ
ADMISSION OPEN 2024-2025
કોર્ષ
બી.સી.એ. (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન)
લાયકાત :- ધોરણ ૧૨ માં આર્ટ્સ,કોમર્સ તથા સાયન્સ
→ સેમેસ્ટર ૧ માં બધા જ પ્રવાહનાં વિદ્યાર્થીઓને એડમિશન મળશે.
બી.એસ.સી. (માઈક્રોબાયોલોજી)
લાયકાત :- ધોરણ ૧૨ સાયન્સ (ગ્રુપ-બી)
→ સેમેસ્ટર ૧ માં નીચે મુજબ ગ્રુપ રહેશે.
ગ્રુપ-બી(માઈક્રોબાયોલોજી/બાયોટેક્નોલોજી/ઝુઓલોજી અથવા બોટની કોલેજ દ્વારા ફાળવવામાં આવશે.)
એમ.એસ.સી. (કેમેસ્ટ્રી)
લાયકાત :- બી.એસ.સી.(કેમેસ્ટ્રી)
એમ.એસ.સી. (ફિઝીકસ)
લાયકાત :- બી.એસ.સી.(ફિઝીકસ)
સુવિધા
ગર્લ્સ હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
એક્સપર્ટ ફેકલ્ટીઝ દ્વારા શિક્ષણ.
આધુનિક કોમ્પ્યુટર લેબ સાથે ઈન્ટરનેટ તેમજ નેટવર્કની સુવિધા.
લેબમાં પુરતા જરૂરી સાધનો.
વિદ્યાર્થીઓને આદર્શ બનાવવા માટે અધતન પુસ્તકાલય.
સંપૂર્ણ હવાઉજાસ તેમજ હરિયાળુ વાતાવરણ.
આકર્ષક વિશાળ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ.
પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ તેમજ સી.સી.ટી.વી. થી સજ્જ કલાસરૂમ.
જોબ પ્લેસમેન્ટ અને કેરીયર ગાઈડન્સ તેમજ વિવિધ પ્રસિધ્ધ લોકો દ્વારા માર્ગદર્શન સેમિનાર.
GCAS ઓનલાઈન ફોર્મ કોલેજ દ્વારા નિઃશુલ્ક ભરી આપવામાં આવશે.
...એડ્રેસ...
સ્વનિર્ભર કાર્યાલય,કમાણી સાયન્સ કોલેજ બિલ્ડીંગ, રૂમ નં.૪, વિદ્યાસભા સ્કૂલ ગેઈટથી અંદર,લાઠી રોડ, અમરેલી.
મો. ૯૨૬૫૨ ૪૨૭૧૮, ૯૦૩૩૨ ૨૪૯૨૦, ૯૭૧૨૩ ૪૬૫૫૩

Aikyam
એક્યમ ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
Follow us Now :-
અતિશય તણાવના સામાન્ય લક્ષણો
+ ઊંઘ અથવા પાચનમાં સમસ્યા.
+ નિર્ણય લેવામાં મુશ્કેલી.
+ બેચેની અથવા ખોટા વિચારો.
+ છાતીનો દુઃખાવો.
+ માથાનો દુઃખાવો.
+ યાદ રાખવામાં સમસ્યા.
+ એકલા રહેવાનો અનુભવ.
જો તમને આવા લક્ષણો જણાય તો આજે જ અનુભવી સાઈકીયાટ્રીની મુલાકાત લો.
અમરેલી જિલ્લામાં ખ્યાતનામ
મગજ, માનસિક રોગો, જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતના ડોકટર
ડો. હિતેષ જોષી
M.B. (સાઈકીયાટ્રી) D.P.M., F.I.P.S., M.I.A.P.P
97370 28181 | 02792-224224
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ
Gharelu Aatachakki
ફૂલી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASYEMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

## કાળઝાળ ગરમી વચ્ચે રાજકીય ગતિવિધિ તમામ બંધ થઈ

# અમરેલી જિલ્લામાં રાજકીય માહોલ સુમસામ

**સત્તાધારી પક્ષનાં ધારાસભ્યો પંજાબ, ઉત્તરપ્રદેશનાં પ્રવાસે હોય કોઈ રાજકીય માહોલ જોવા મળતો નથી**

**ભાજપનાં અને કોંગ્રેસનાં ઉમેદવાર પણ ૪ જૂનની ચાતક નજરે રાહ જુએ છે**

**લોકસભાની ચૂંટણી બાદ નાના–મોટા કાર્યકરો અને આગેવાનો પણ નિરાંતની પળ માણે છે**

**જો કે ૧લી જૂનનાં છેલ્લા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ પુનઃ ધમધમાટ શરૂ થશે**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં આમ તો ૩૬૫ દિવસ કોઈને કોઈ મુદે રાજકારણમાં ગરમાવો જોવા મળતો હોય છે. પરંતુ લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ છેલ્લા ૧૫ દિવસથી



રાજકીય માહોલ સુમસામ જોવા મળી રહ્યો છે.

ભાજપનાં ઉમેદવાર ભરત



સુતરીયા અને કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમર પણ જાહેરમાં જોવા મળતા નથી કે કોઈ નિવેદન પણ આપતા નથી અને જિલ્લાનાં તમામ ધારાસભ્યો પંજાબ, ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં ગયા હોવાનું જાણવા મળેલ છે.

બંને પક્ષનાં મહત્વનાં કાર્યકરો અને આગેવાનો પણ નિરાંતની પળ માણી રહ્યા છે અને કોણ જીતશે અને કોણ હારશે તેની ચર્ચા પણ નહિવત થતી જોવા મળી રહી છે.

જો કે ૧લી જૂનનાં રોજ ૭માં તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ રાજકીય ગતિવિધિમાં જબરદસ્ત ઉછાળો આવે તેવું લાગી રહ્યું છે.

---

### એડવોકેટ સંદિપ પંડયાની દલીલો માન્ય રહી

## અમરેલીનાં વેપારીને ચેક આપી વિશ્વાસઘાત કરનારનો ચેક રીટર્ન થતાં ૧ વર્ષની સજા

**આરોપીને રૂપિયા ૭૭ હજારની રકમ ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૨૫

અમરેલીનાં એક ઈસમ ધ્વારા દોઢ વર્ષ પહેલા તેમનાં ઘરે શુભ પ્રસંગ હોય ડીજે અને ફોટોગ્રાફીનું કામ ફરિયાદીને આપેલ હતું. રૂા. ૭૭,૦૦૦માં નકકી થયા મુજબનું કામ કરી ફરિયાદીને રોકડા પૈસાને બદલે પોતાના બેન્ક ખાતાનો ફરિયાદીના બિલ મુજબનો ચેક આપી વચન અને વિશ્વાસ આપેલો કે તમે આ ચેક બેન્કમાં વટાવશો એટલે તમને તમારા બિલ મુજબનાં નાણા મળી જશે. ત્યારબાદ ફરિયાદીએ આ આરોપીએ આપેલ ચેક પોતાના બેન્ક ખાતામાં વટાવવા નાખતા બીજા દિવસે આ ચેક આરોપીના ખાતામાં પુરતું બેલેન્સ



ન હોવાથી રિટર્ન થતાં ફરિયાદીએ આરોપીને આ અંગે જાણ કરતા આરોપી ધ્વારા ગલ્લા તલ્લા કરી ફરિયાદીને રકમ નહી ચુકવી છેતરપીંડી આચરી હતી.

ત્યારબાદ તે અંગે કોર્ટમાં ચેર રિટર્નની ફરિયાદ થતાં ફરિયાદી પિયુષ મહેન્દ્રભાઈ લેઉવાનાં પક્ષે રોકાયેલ વિધ્વાન વકીલ સંદિપ પંડયાની ધારદાર દલીલો તેમજ ઝીણવટભરી કાયદાકીય રજૂઆતોનાં અંતે અને તેમણે ઉપસ્થિત કરેલા પુરાવાઓનાં આધારે અમરેલી કોર્ટ ધ્વારા છેતરપીંડીનાં કેસમાં આરોપી નિલેશ સોલંકીને ગુનેગાર ઠેરવી એક વર્ષની કેદ અને રૂા. ૭૭,૦૦૦ની રકમ ચુકવવા આદેશ કર્યો હતો અને જો તેમ કરવામાં કસુર કરે તો વધુ ૭ મહિનાની કેદનો હુકમ એડિશનલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટની કોર્ટ ધ્વારા કરવામાં આવ્યો હતો.

---

### મોટા ભાગના મૃતકો ગોંડલના, તમામને રાજકોટ સિવિલ લવાયા

## રાજકોટના ગેમ ઝોનમાં ભીષણ આગ લાગતા ૨૪ લોકોના મોત

**ફાયર ફાઈટરની ટીમો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે**

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ભીષણ આગની ઘટનામાં અત્યાર સુધી ૨૪ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. આ ગેમ ઝોનમાં આગ લાગતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી રહી છે.

અહેવાલો પ્રમાણે, આ ઘટના પછી ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ દરમિયાન અનેક લોકોને બચાવી પણ લેવાયા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને કલેકટર ઘટના સ્થળે પહોંચ્યા હતા, જેમણે સમગ્ર ગેમ ઝોન બંધ કરવાનો આદેશ આપ્યો છે.

ગેમ ઝોનની સફરે આવીને આગના કારણે મોતના મુખમાં ધકેલાઈ જનારા તમામ મૃતકો ગોંડલના હોવાનું કહેવાય છે. આ દરમિયાન કુલ ૨૪ મૃતદેહ રાજકોટ સિવિલમાં ખસેડાયા છે. પ્રત્યક્ષદર્શીઓના મતે અનેક મૃતદેહો રાખમાં ફેરવાઈ ગયા હતા, જ્યારે કેટલાકની તો ઓળખ પણ થઈ શકે એમ ન હતી.

નાના મવા રોડ પરના ટીઆરપી ગેમ ઝોનમાં અચાનક આગ લાગી હતી. ગેમ ઝોનમાં લાગેલી ભીષણ આગ એટલી વિકરાળ હતી કે, પાંચ કિલોમીટર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા. આ અંગે રાજકોટ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, 'પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.'

આ ભીષણ આગમાં મૃતદેહો ઓળખાય નહીં એ હદે સળગી ગયા હતા. આ અંગે પોલીસ કમિશનરે કહ્યું હતું કે, ઘણાં મૃતદેહો બળી ગયેલા છે. હાલ કેટલાક મૃતદેહની ઓળખ પણ થઈ શકી નથી, પરંતુ અમે ડીએનએ ટેસ્ટ કરી મૃતદેહો ઓળખીશું.

આગની ઘટનાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'X'પર પોસ્ટ કરીને લખ્યું 'રાજકોટમાં ગેમ ઝોનમાં સર્જાયેલી આગની દુર્ઘટનામાં તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી માટે મહા નગરપાલિકા અને વહીવટી તંત્રને સૂચના આપી છે. ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક સારવાર મળે તે માટેની વ્યવસ્થાઓને પ્રાથમિકતા આપવાની પણ સૂચના અપાઈ છે.'

આ બનાવની જાણ થતાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમણે જાનહાનિની આશંકા વ્યક્ત કરતાં તમામ લોકો સલામત બહાર આવે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'અત્યારે પ્રાથમિક્તા આગ બૂઝાવવાની છે. આ મામલે જે કોઈ પણ જવાબદાર હશે, તેને છોડવામાં નહીં આવે.' રાજકોટ ગેમઝોન આગ મામલે સીએમ ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત ગુજરાત બીજેપી અધ્યક્ષ સીઆર પાટિલે સંવેદન વ્યક્ત કરી છે. સીઆર પાટીલે રાજકોટ શહેરના તમામ કોર્પોરેટર ધારાસભ્યોને મદદ માટે આગળ આવવા સૂચના આપી છે. ઘટના ખુબ જ દુઃખદ હોવાનું જણાવ્યું છે.

---

### રાજ્ય લેવલે યોજાયેલ ખેલ મહાકુંભમાં

## વંડાનાં પત્રકારનાં પુત્રવધુ કાજલબેન રાઠોડે રમતોત્સવમાં અગ્રેસર રહ્યાં

**નેશનલ લેવલે પણ અગ્રેસર રહે તેવી શુભેચ્છા મળી રહી છે**

અમરેલી, તા.૨૫

તાજેતરમાં ગુજરાત રાજયમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં અમરેલીનાં વંડા ગામનાં પત્રકાર અશોકભાઈ રાવળદેવનાં પુત્રવધુ કાજલ રાઠોડે રમત મહોત્સવમાં ભાગ લઈ સ્ટેટ વિનર સર્ટિફિકેટ મેળવી સગમ્ર રાવળદેવ સમાજનું ગૌરવ વધારેલ અને કોઈ પણ સફળ થનાર વ્યકિતને કોઈ હરાવી શકતુ નથી. જયાં સુધી તે ખુદ હાર ન માને તે વાકયને ચરિતાર્થ કરી બતાવેલ સફળતા



મેળવવા માટે તેવોએ કરેલ મહેનત અને તેઓનાં લક્ષ પ્રાપ્તિનાં ધ્યેય સર્વ માટે યાદગાર રહેશે તેઓ હંમેશ પ્રગતિ કરી વંદા ગામ અને રાવળદેવ સમાજ તેમજ ગુજરાત રાજયનું નમ રોશન કરે અને હાલ સપોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ તેમજ સેક્રેટરી પાસેથી મેળવેલ વિનર સર્ટિફિકેટની જેમ નેશનલ લેવલે કાર્યક્રમો ભાગ લઈ વિજેતા બની ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા અપાઈ રહી છે.

---

### રાજકીય મહાનુભાવો અને આગેવાનોની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલા ખાતે સાંનિધ્ય ગૃપ દ્વારા પૂ. ભોજલરામબાપાની જન્મ જયંતીની ઉજવણી

**સમાજમાં અંગદાનની જાગૃતિનો સંદેશ અપાયો**


સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા મુકામે સાનિધ્ય ગ્રુપ (સાવરકુંડલા – સુરત– વડોદરા –અમદાવાદ) દ્વારા આયોજિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અતિ વ્હાલુ કાચબા કાચબી પદના રચિયતા એવા આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિના પ્રણેતા વંદનીય સંત શ્રી ભોજા ભગત(ભોજલરામ બાપા)ની ૨૩૯મી જન્મજયંતી નિમિતે ધર્મ સભામાં રાજસ્વી મહાનુભાવો, ઉધોગપતિઓ, સમાજ અગ્રણીઓ, વિવિધ ગામ અને તાલુકાના લોકોએ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને દીપાવ્યો હતો.

જીવતા જીવે રક્તદાન અને બ્રેઈનડેડ બાદ અંગદાનના શુભ આશય સાથે સાવરકુંડલા શહેરમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા અંગદાનના વેઈટીંગ લિસ્ટને ઝીરો કરવા માટેનો સંકલ્પ શુકામ લેવામાં આવ્યો છે? તેની વિશેષ જાણકારી આપવામાં આવી હતી સમાજમાં અંગદાન અંગે જાગૃત્તિ આવે તે માટે વધુને વધુ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

આ સંકલ્પને પ્રતિસાદ આપતા અંગદાન એજ સર્વ શ્રેષ્ઠદાનની ભાવનાને સાકાર કરવા ભોજલરામ સત્સંગ મંડળ અને સાનિધ્ય ગ્રુપના પ્રમુખ અને ટીમ જીવનદીપ અમરેલીના સભ્ય અશ્વિન તળાવીયા, ઉપપ્રમુખ રાજેશ ડોબરીયા સહિત તમામ સદસ્યો તેમજ અન્ય મહાનુભાવો દ્વારા અંગદાન કરવા માટેનો સંકલ્પ કરી અનોખી રીતે ઉજવણી કરવા માં આવી. આ પ્રસંગે રાજસ્વી મહાનુભાવ નારણભાઈ કાછડીયા, ભરતભાઈ સુતરિયા, સુરેશભાઈ પાનસૂરિયા, દેવચંદભાઈ કપોપરા, ટીમ જીવનદીપ વતી સંજય તળાવીયા, બિપીન તળાવીયા, હાર્દિક ખીચડિયા, અલ્પેશ દુધાત સાથે રાજકીય મહાનુભાવો, ભોજલરામ સત્સંગ મંડળ, સાનિધ્ય ગ્રુપના સભ્યો અન્ય મિત્રો, સાધુ–સંતો, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને તેમની અમરેલી જિલ્લાની સમગ્ર ટીમ, સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી.

જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત રહી અંગદાન વિશે સચોટ માહિતી આપવામાં આપી હતી, તેમજ હાજર સે કોઈ સભ્યોએ અંગદાન માટે સંકલ્પ લીધા. લોકોમાં જાગૃતિ આવી રહી છે અને અંગદાન ક્ષેત્રમાં ખુબ જ ઉમદા સેવાકિય કાર્ય થઈ રહ્યુ છે. સામાજીક



કાર્યક્રમોની સાથે ધાર્મિક કાર્યક્રમોમાં પણ સમાજમાં અંગદાન અંગે જાગૃતિ આવે તે માટે સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

### ૧૫ થી ૧૯ મે દરમિયાન

## ધારી : હીરાવા–જીરા ગામનાં માર્ગ ઉપર એલ્યુમિનિયમ વાયરની ચોરી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના ત્રંબકપુર ગામની સીમમાં હીરાવા–જીરા ગામના રોડ રસ્તા પર આવેલ કિશોરભાઈ નાનજીભાઈ ભુવાની વાડી/ખેતરે નવ જેટલા વિજપોલના ભારે દબાણની ચાલુ ઈલેકટ્રીક લાઈનના કુલ આશરે ૧૨૬૦ મીટર ઓલ એલ્યુમિનિયમન જેટલો વાયર આશરે કિંમત રૂપિયા ૨૭.૩૩૫ની અંદાજે ગત તા. ૧૫થી તા. ૧૯ના ૧૨ દરમ્યાન કોઈ પણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધારી પીજીવીસીએલના નાયબ ઈજનેર અંકિતકુમાર હસમુખભાઈ વાળાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### કાળઝાળ ગરમી વચ્ચે સામાન્ય બાબતે મારામારી

## અમરેલીનાં વાંકિયા ગામે ખેતીકામ બાબતે આમને સામને મારામારી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકાનાં વાંકીયા ગામે રહેતા રમેશભાઈ પાલાભાઈ ઝાલા નામના ખેડૂતે જ ગામે રહેતા આરોપી કાંતીભાઈ પાલાભાઈ ઝાલાને ખેતરમાં સાહ પાડવા પાટલા વચ્ચે જગ્યા રાખવાનું કહેતા આરોપીને સારૂ નહી લાગત જે વાતનું મનદુઃખ રાખી આરોપી કાંતીભાઈ પાલાભાઈ ઝાલા તથા એક મહિલા સહિત પાંચ ઈસમોએ ખેડૂત તથા અન્ય લોકોને શરીરે હોકી વતી માર મારી ડાબા પગ ઉપર ફેકચર જેવી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ જ બનાવમાં રાહુલ કાંતિભાઈ ઝાલાએ પણ સામાવાળા રમેશભાઈ પાલાભાઈ ઝાલા સહિત ત્રણ સામે લોખંડના પાઈપ તથા હોકી વડે માર મારી ફરિયાદીને માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા અન્ય લોકોને ગાળો આપ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

---

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળ કોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

# ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૮૬ વર્ષ ૧૯૬૧**

**એ મેરે પ્યારે વતન.. એ મેરે બીછડે ચમન.. તુજ પે દિલ કુરબાન**

**તું હી મેરી આરઝું, તું હી મેરી આબરૂ.. તુજ પે દિલ કુરબાન**

**પ્રિય વાચક મિત્રો,**

દીકરી વ્હાલનો દરિયો હોય છે, જે દંપતીને સંતાનમાં પુત્રી અને પુત્ર હોય છે, ત્યો, પિતાનું વાત્સલ્ય પુત્રી તરફ વધુ હોય છે, તે પુત્રી જયારે લગ્ન કરી તેના સાસરે જાય છે, અને પિયરના લોકોને યાદ કરે છે તો પિતાને હૃદય પૂર્વક આશીર્વાદ આપતી હોય છે, પિતા પુત્રીના પ્રેમના વાત્સલ્યનું ઝરણું એવું છે કે કડી તે સુકાતું નથી. પિતા અને પુત્રી વિષેના હાલ સોશિયલ મીડિયા દ્વારા આપણે ઘણા મેસેજ વાંચીએ છીએ, જોઈએ છીએ, પણ દીકરીનો પ્રેમએ અનંત કાળથી ચાલ્યો આવતો પ્રવાહ છે, જેની વિષે આજે ચર્ચો આ છે, પણ આવા પિતા અને પુત્રીના વાત્સલ્ય સભર પ્રેમની કથા રવિન્દ્રનાથ ટાગોર લખી છે. જે ૧૮૯૨ માં તેમણે લખી છે. અહી બે અલગ અલગ દેશની વાત કરી છે, કહવાનું એટલુ જ છે કે દેશ કોઈપણ હોય, પણ સંતાનનો સ્નેહ અને ખાસ કરી પુત્રીનો સ્નેહ એકસરખો જ હોય છે, હિન્દી સિનેમાના ખ્યાતનામ




નિર્દેશક નિર્માતા બિમલ રોયે આ કથા પર થી ૧૯૬૧માં ફિલ્મ બનાવી.

કાબુલીવાલા – હેમંત ગુપ્તાના નિર્દેશન, અને બિમલ રોય અને લીલા દેસાઈના નિર્માણ માં, રવિન્દ્ર નાથ ટાગોરની કથા કાબુલી વાલાની પ્રેરણા પર થી એસ ખલી અને વિશરમ બોડેકરની કહાની, સંવાદ, બિમલ રોયની સ્ક્રીન પ્લે, કમાલ બોજની સિનેમા ઓટો ગ્રાફી, મધુ પ્રભાવર્કરની એડિટિંગ, સલિલ ચૌધરીના મધુર સંગીત અને અને ગુલઝાર, પ્રેમ ધવનના ગીતો જેને મન્ના ડે અને હેમંત કુમાર, ઉષા મંગેશકર, અને રફી સાહેબે સ્વર આપ્યો તેવા ગીત અને સંગીત સાથે, બલરાજ સાહની, સજ્જન, ઉષા કિરણ, પદ્મા, લક્ષ્મી, બેબી સોનું, બેબી ફરિદા, અસિત સેનથી અભિનીત આ ફિલ્મ ૧૯૬૧ના વર્ષની નવમા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ.

ફિલ્મની કથા એવી છે કે બલરાજ એટલે અબ્દુલ રેહમાન ખાન અફઘાનિસ્તાનમાં રહે છે, તેને એક પુત્રી છે, જે માતા વિહોણી છે, પુત્રી નાની છે, બાલ વય માં છે, પણ સમજ માં પુક્ત છે, તેના પિતાનું એક તે ખુબજ ધ્યાન રાખે છે, બલરાજને ત્યાં કર્ઝ થઈ જાય છે, તેની વસાહત ના ઘણા લોકો ભારત આવી સ્થાયી થયા છે. તો તે પણ ભારત આવી રકમ કમાવા માંગે છે, અને તેનું કર્ઝ પૂરૂં થતાં પરત વતન જતો રેહવા માંગે છે. તે પુત્રીને નઝર અંદાઝ કરી ભારત આવે છે, પણ તેનું મન તેની પુત્રી માં છે, ભારતમાં તે બેબી ફરિદા જે એક સજ્જન અને ઉષાની પુત્રી છે, તેમાં તેની પુત્રીની છબી જુવે છે, તે સમયે કાબુલી વાલા પઠાણ જોળીમાં નાખી બાળકો લઈ જતાં રહે છે તેવી છાપ હતી. નાના બાળ કો તેમના થી ડરતા હતા, ખાસ માતા પિતા તેમના બાળકોને પઠાણની બીક બતાવી તેમની ઝીદ દૂર કરતાં હતા, ત્યારે, ફરિદા બલરાજને ધિક્કારે છે, પણ તેના પિતા સજ્જન તેને કાબુલી વાલા પાસે લઈ જાય છે, બલરાજ તેને સૂકો મેવો આપે છે, બલરાજ કાપડનો ધંધો ભારતમાં કરી ધીમે ધીમે સ્થિર થતો જાય છે, અને તેની પુત્રીની યાદ આવતા ફરિદાને રોજ મળવા જાય છે, હવે ફરિદાને પણ બલરાજમાં પિતાનો પ્રેમ જોવા મળ છે, ઉષાને આ વાત પસંદ નથી તે બલરાજને ઘરેના આવવા કહે છે.

તેની પુત્રી કાબુલી વાલાના આવતા તેને મળવા ઘરેથી નીકળી જાય છે, તે બલરાજને મળ છે, લોકો સમજે છે કે બલરાજ ફરિદાનું અપ હરણ કરી રહ્યો છે, તો તેને ઘાયલ કરે છે, પણ ફરિદાના કહવાથી તેના પિતા બલરાજને લોકોથી છૂડાવે છે. બલરાજ પાસે સારી રકમ ભેગી થાય છે, તે વતન જવાની તૈયારી કરે છે, પણ તેના બાકી રકમની ઉઘરાણીમાં તેના થી એક હત્યા થઈ જાય છે, કોર્ટમાં તેનો વકીલ તેને ઝૂઠું બોલવા કહે છે, પણ બલરાજ સત્ય કહતા તેને સઝા થાય છે. તે સઝ પૂરી કરી ફરિદાને મળવા જાય છે, પણ તે યુવાન થઈ ગઈ છે, તેને ઓળખતી નથી, બલરાજ સજ્જનને સત્ય કહે છે કે તેની પુત્રીનો ચહેરો ફરિદામાં તે જોતો રેહતો હતો, તેની પુત્રી પણ યુવાન થઈ ગઈ હશે, પણ તેની પાસે રકમ વતન જવા ની નથી. તો સજ્જન દીકરીના લગ્નમાથી રકમ આપી બલરાજને તેની પુત્રીને મળ વા વતન મોકલે છે.

આ ફિલ્મમાં બલરાજ સાહનીના પઠાણની વેશ ભુસા અને તેના સંવાદ બોલવાની અદા દર્શકોને પસંદ પડી હતી, મન્ના ડે ના સ્વરમાં ગયેલ ગીત. એ મેરે પ્યારે વતન આજે પણ લોકપ્રિય ગીત છે. આ ફિલ્મ સુપર હિટ રહી હતી. હવે વાત કરીશું કેટલીક સફળ નથી તેવી ફિલ્મોની જેમાં વી શાંતા રામની ફિલ્મ સ્ત્રી પણ આવી જાય છે. વી શાંતા રામ છેલ્લા બે વર્ષ થી રંગીન ફિલ્મો જ બનાવે છે. આ વર્ષની ફિલ્મ સ્ત્રી પણ તેમણે રંગીન ઓરવો કલર માં બનાવી હતી. જેમાં તેમનું નિર્દેશન અને




નિર્માણ, સી રામ ચંદ્રનું મધુર સંગીત અને વી શાંતા રામ, સંધ્યા, માં. ભગવાન, વંદના, કેશવ રાવ, પદ્મા જવેરી અને કિશોરી કલાકાર રાજશ્રી, જેની આ પ્રથમ ફિલ્મ છે, પણ તેની વાત આપણે તેને તેની નાયિકાના રૂપે રજૂ કરતી ફિલ્મ દ્વારા કરીશું રાજશ્રીએ વી શાંતા રામ અને જયશ્રી જે તેમની પ્રથમ પત્ની છે તેમની પુત્રી છે. વી શાંતા રામની ફિલ્મ સ્ત્રી સફળ રહી ના હતી.અશોક કુમારની આ વર્ષે ધર્મ પુત્રને બાદ કરતાં તમામ ફિલ્મો સફળ રહી ના હતી, નરેશ સાયગલના નિર્દેશનમાં અને દતા રામના સંગીતમાં ડાર્ક સ્ટ્રીટ ફિલ્મમાં અશોક કુમાર, નીશી, અનુપકુમાર, ઈફતેખાર, અને કે એન સિંહે કામ કર્યુ હતું, આ ફિલ્મ એક સસ્પેન્સ ક્રાઈમ ફિલ્મ હતી, પણ સુમન કલ્યાણ પૂરના એક ગીત, ઈતને બડે ઝહા મે કોઈ તો હોતાથી યાદ કરાય છે. તો રોમેશ શર્માના નિર્દેશનમાં ફલેટ ન ૯ – માં અશોકકુમાર, સાહિદા અને હેલેન કામ કર્યુ હતું, આ પણ એક ક્રાઈમ થ્રીલર ફિલ્મ હતી, અને કેદાર કપૂરના નિર્દેશનમાં અશોક કુમાર, શકિલા, હેલેન અને રાજ મહરાથી અભિનીત ફિલ્મ વોરંટ સફળ રહી ના હતી.


આ વર્ષેના ગીતકારો એટલે કે શાયરોની વાત કરીયે તો, સહુથી સફળ શૈલેન્દ્ર રહ્યા હતા, તેમની ચાર ફિલ્મોમાં સફળ ગીતો આપ્યા હતા, સાથે સાહિર લૂધ્યાનવી, એ બે હિટ ફિલ્મો, હસરત જઈપૂરી એ ત્રણ હિટ ફિલ્મો, ભરત વ્યાસે ત્રણ હિટ ફિલ્મો આપી હતી, તો તે ઉપરાંત ગુલઝારે એક સફળ ફિલ્મ આપી હતી. પ્રદીપ, બી.ડી.મિશ્રા, રાજેન્દ્ર કૃષ્ણા, શકીલ બદયુની, કેદાર શર્મા, મજરૂહ સુલ્તાન પૂરી, પ્રેમ ધવન, જાનની સાર અખતર, અંજાન, અસદ ભોપાલી, ઈંદિવર, કેફી આઝમી, કમર જલાલા બાદી પણ થોડા ઘણા અંશે સફળ ગીતો આપ્યા હતા.

સંગીત કારમાં શંકર જયકિશન સહુથી વધુ સફળ સંગીતકાર રૂપે બહાર આવ્યા હતા, તેમની ચાર ફિલ્મોના ગીતો સફળ રહ્યા હતા, તે ફિલ્મો સુપર હિટ રહી હતી. તો આ વર્ષે સી રામ ચંદ્ર, એસ એન ત્રિપાઠી, ચિત્ર ગુપ્ત, હંસ લાલ ભગત રામ, સદત ખાન, આર.ડી.બર્મન, એસ.ડી. બર્મન, દતા રામ, એન દત્તા, ઉષા ખન્ના, રવિ, નેસાદ, નાસાદ, સ્નેહલ ભાવસાર, જયદેવ, એસ મોહિન્દર, શાર્દૂલ કવાત્ર, અરૂણ રઘવાન, સી.અર્જુન, હનુમાન પ્રસાદ, ત્રિલોકિ, વસંત દેસાઈ, કલ્યાણ જી આનંદ જી, મદન મોહન, આ પી નૈયર, રોસન, હરબસ, રોબિન બેનર્જી, ગુલામ મહમદ, એસ મદન, સુધીર ફડકે, શામ ગાંગુલી, ખૈયામ, દિલિપ ધોળ કિયા, નિસાર, સુહૃદ કેર, મહમદ શફી, સરદાર માલિક, શશાંક બેનર્જી, જી એસ કોહલી, બાબુલ, એસ એહ મર્ચન્ટ, લછીરમ, ભીમરાવ, અજિત મર્ચન્ટ, સલિલ ચૌધરી, અને કિશોર કુમાર પણ સંગીતકારો રૂપે તેમના સંગીતને હિન્દી સિનેમાને અર્પણ કર્યુ હતું.

હવે વાત કરીશું કિશોર કુમાર અને મધુબાલાની સફળ ફિલ્મની, મધુબાલાએ કિશોરકુમાર સાથે લગ્ન કરી લીધા બાદ તેમની તબિયત વધુ ખરાબ રેહતી હતી, જન્મથી જ તેમને હૃદયાની બીમારી હતી, તેમના હર્દયમાં વાલ્વની તકલીફ હતી. આ વર્ષે મધુબાલાની અંતિમ સુપર હિટ ફિલ્મ આવી હતી જે તેમના પતિ કિશોર કુમાર સાથે હતી. જેની વાત આગામી અંકમાં કરીશું. આભાર. હિતેશ જોશી.

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## કબજીયાત – ભાગ – ૨



ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

**કબજીયાત થવાનાં કારણો :** કબજીયાત થવાનાં કારણોને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

**મળના સંચારણ સબંધિત કારણો :**

ખોરાકમાં રેસા અને આવશયક જથ્થાનું પ્રમાણ ઓછું હોય, પ્રવાહી ખોરાક – પીણાં તથા પાણીનું પ્રમાણ ઓછું હોય, એન્ટીડિપ્રેશન દવાઓ – પીડાનાશક દવાઓ જેવી દવાઓની આડઅસરથી, આંતરડામાં સંકળાશ થઈ જવી, અવરોધ થવો, કેન્સર કે અન્ય રોગથી મળનું આગળ ધકેલવાનું સરળતાથી થતું ન હોય.

**નાડીઓના સંકેત સબંધિત કારણોઃ**


આંતરડાની પુર : સરણગતિનો આધાર તેની સાથે જોડાયેલ નડિયો પર હોય છે. નાડી તંત્રનાં રોગ જેવાકે પાર્કિન્સન ડિસિઝ, મલ્ટીપલ સ્કલેરોસિસમાં આવેગની મંદતા અનુભવાય છે. અગાઉ જણાવ્યું તેમ અન્ય કાર્યોમાં વ્યસ્તતા, સ્ટ્રેસ, બેધ્યાનપણાથી મળ પ્રવૃત્તિનો કુદરતી આવેગ અનુભવાતો નથી.

પેલ્વિક એરિયાનાં સ્નાયુઓની શિથિલતા, નબળાઈની અસરથી પણ કબજીયાત થાય છે. મળાશયમાંથી મળ પૂરેપૂરી રીતે પ્રવૃત્ત થવા માટે વપરાતાં સ્નાયુઓની નબળાઈને કારણે મળપ્રવૃત્તિ બાદ પણ મળ મળાશયમાં બાકી રહી જાય છે. પેટ બરાબર સાફ નથી થયું, પેટમાં ભાર જેવી અનુભૂતિ થયા કરે છે.

આ બધા જ કારણો વિશે જાણી તે પૈકીના કયા કારણો પોતાને થતી કબજીયાત કે અપૂર્ણ મળપ્રવૃત્તિ માટે જવાબદાર છે તે જાણી દૂર કરવા પ્રયત્ન કરવો. થોડા સરળતાથી અપનાવી શકાય તેવા કબજીયાત દૂર કરે તેવા ઉપચારો નિયમિત અપનાવવા. કબજીયાતને અવગણવી નહીં.

**કબજીયાત દૂર કરે તેવા ઉપાયોઃ**

આંતરડાની ગતિમાં નિયમિતતા – સક્રિયતા માટે – ખોરાકમાં લીલા પત્તાવાળા, રેસાવાળા શાકભાજીનું પ્રમાણ વધારવું, મેથી – પાલક – તાંદડજો – સરગવાના પાન – બથવાની ભાજીનો સમાવેશ નિયમિત અંતરાલે કરવો. ઘઉં, ચોખા, દાળ ઉપરાંત ફોતરાવાળા કઠોળ કે ઉગાડેલા કઠોળ, કચુંબર, પપૈયા – ચીકુ – કેળા જેવા ફળોનો સમાવેશ કરવો. બંને સમયે નિયમિત સમયે તાજો, ગરમ ખોરાક ખાવો. ખોરાકમાં દાળ, સૂપ, કઢી, રસમ જેવા પ્રવાહી ખોરાક ઉમેરવા. પાતળી – મોળી છાશ સંચળ – શેકેલું જીરૂ ઉમેરી પીવું. મેંદો, બિસ્કીટ, પિઝા, બેકરી આઈટમ્સ નાસ્તામાંથી દૂર કરી તાજા સિઝનલ ફળો, બદામ, ખજૂર જેવા તૈલી – રેસાયુક્ત કુદરતી ફળો ખાવા. કેળાં – ચીકુ – પપૈયા, નાસપતિ,પાઈનેપલ જેવા ફળોમાં રહેલાં રેસા અને પાચક – સારક ગુણ કબજીયાત મટાડે છે.




**કસરત અપનાવો :**

કબજીયાત દૂર કરવા માત્ર કોઈ રેચક ફાકી – ચૂર્ણ કે ટીકડી પર આધાર રાખવો નહીં. યોગ્ય ખોરાક – પીણાનો આહારમાં સમાવેશ કરવાની સાથે દરરોજ પેલ્વિક એરિયાનાં સ્નાયુઓ ખાસ તો કમરનાં, કુલ્હાનાં, પગનાં સ્નાયુઓમાં યોગ્ય રક્તસંચાર થાય, સક્રિયતા આવે તેવી કસરત અપનાવો. વધુ લાંબો સમય બેસી રહેતા કન્સલ્ટન્ટસ, કર્મચારીઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓને બેઠાડું જીવન ઘણી આડઅસર કરે છે. અનુકૂળતા મૂજબ ચાલવું, દોડવું, જોગિંગ કરવું, સાયકલ ચલાવવી, સ્વિમિંગ, જીમીંગ પૈકી કસરત રોજ બરોજનાં જીવનમાં અપનાવવાથી સ્નાયુઓની તંદુરસ્તી, ક્રિયા શિલતા વધવાથી કબજીયાત વગર દવાએ દૂર થઈ જતી હોય છે.

યોગાસનો જેવા કે પવન મુક્તાસન, શશાંકાસન, પશ્વિમોત્તાસન વગેરે યોગ્ય માર્ગ દર્શનમાં વિધિવત કરવાથી એબ્ડોમિનલ મસલ્સ અને એબ્ડોમિનલ ઓર્ગન્સમાં મસાજ જેવી અસર થાય છે. જેથી પાચનતંત્રની સક્રિયતા વધે છે.

પાચન – મળપ્રવૃત્તિમાં નિયમિતતા જળવાય તે જરૂરી છે. પરંતુ જયારે પણ મળપ્રવૃત્તિનો વેગ અનુભવાય ત્યારે ટાળવો નહીં.

**અનુભવ સિદ્ધ :**

' સવારે ખાલી પેટે ૧ થી ૩ ગ્લાસ નવશેકું ગરમ પાણી પીવું.

'રાતભર પાણીમાં ૪ – ૫ જલદારૂ પલાળી સવારે ચાવીને ખાઈ, જેમાં પલાળ્યા હોય તે પાણી પી જવું. જરૂર જણાય તો આ પ્રયોગ સવાર – સાંજ બે વખત કરવો.

' ગરમાળાનો ગર, હરડે સરખા ભાગે ભેળવી ૧ થી ૩ ચમચી જરૂરિયાત મૂજબ રાત્રે પાણી સાથે લેવું અથવા નવશેકા પાણી સાથે એક ચમચી દિવેલ રાત્રે સૂતી વખતે એક ચપટી સૂંઠ ઉમેરી પીવું.

**૬. કબજીયાત**

શું તમે કબજીયાતથી કંટાળી ગયાછો ? રોજ તમારે પેટ સાફ રાખવા માટે દવા કે ચૂર્ણ કે ફાંકી લેવી જ પડે છે ? પણ તમે થોભો... શું તમે કદી તમારી કબજીયાતની તકલીફનું કારણ શોધવા પ્રયત્ન કર્યો છે ? તમને ખરેખર કબજીયાત છે કે પછી કબજીયાતનો વહેમ એ અંગે વિચાર કર્યો છે. આજે કબજીયાત સાથે સંકળાયેલી આ બધી બાબતો અંગે આપણે વિગતે વાત કરીશુ.

કબજીયાતની તકલીફ જેમને જણાતી હોય એમણે સૌથી પહેલાં તો એ નક્કી કરવું પડે કે શું તમને ખરેખર કબજીયાત છે ખરો ? કબજીયાતની ચોક્કસ વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. કેટલાંક લોકો ઝાડાનું પ્રમાણ ઘટી જાય એને કબજીચાત કહે છે, બીજા કેટલાંક આખો દિવસ ઝાડે ન જવાય તો કબજીયાત થયો એવું માને છે ; અન્ય કેટલાંકને પેટમાં મળ ભરાયેલ હોય અને ઝાડે ગયા છતાં પેટ સાફ થયું છે એવું ન લાગતું હોય તો કબજીયાત છે એમ માને છે ; ઘણી વાર માત્ર મળ કઠણ હોય કે મળત્યાગમાં દુઃખાવો થતો હોય તો પણ કબજીયાત તરીકે ઓળખાવાય છે.

ઘણાં લોકોને કબજીયાતની તકલીફ કરતાં વિશેષ કબજીયાતના 'વહેમ ની તકલીફ હોય છે. રોજ કરતાં થોડી ઓછી માત્રામાં મળ નીકળે કે રોજે રોજને બદલે એકાતરે દિવસે મળત્યાગ થાય એટલાં માત્રથી જે તે વ્યક્તિને કબજીચાત છે એવું કહી ન શકાય. દરેક વ્યક્તિદીઠ મળત્યાગની પેટર્ન અલગ અલગ હોય છે. કોઈવ્યક્તિને દિવસમાં ત્રણવાર મળ ત્યાગ કરવો પડતો હોય તો બીજી કોઈ વ્યક્તિને ત્રણ દિવસે માત્ર એક જ વખત મળત્યાગ કરવો પડે એવું બને. અને છતાં બંને વ્યક્તિ બિલકુલ તંદુરસ્ત હોય. દરેક વ્યક્તિના ચહેરાની જેમ એના આંતરડાની ગતિ પણ ભિન્ન ભિન્ન હોય અને એ ગતિને આધારે વ્યક્તિ કેટલી વખત મળત્યાગ કરે એ નક્કી થાય છે. આમ, જો બીજી કોઈ જાતની શારીરિક તકલીફ ન થતી હોય તો રોજેરોજ મળત્યાગ કરવો જ પડે એવી માન્યતામાંથી દૂર થઈ જવું જોઈએ.

કબજીયાત થવાનું કારણ મોટા ભાગના કિસ્સાઓમાં બહુ સામાન્ય અને દેખીતું હોય છે. ખોરાકમાં રેસા (ફાઈબર)નો અભાવ ; દિવસ ભર પ્રવાહી પદાર્થોનો ઓછો વપરાશ ; ચિંતા ટેન્શન ; કસરતનો અભાવ ; ખાંસી બંધ કરવાની કે અન્ય દવાઓને કારણે ; કે બિનતંદુરસ્ત મળ ત્યાગની ટેવ (કુદરતી હાજત વારંવાર રોકવાની ટેવ) વગેરે કારણોસર મોટાભાગના દર્દીઓને કબજીયાત થતી હોય છે. એટલે કબજીયાતથી છુટકારો મેળવવા ઈચ્છતા લોકોએ નીચે મુજબની સલાહનો અમલ કરવો જોઈએ.

**૧. દિવસભર પૂષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીઓ**

દરેક માણસે રોજેરોજ ઓછામાં ઓછા આઠથી દસ ગ્લાસ જેટલું પ્રવાહી પીવું જોઈએ. કોઈ પણ પ્રવાહી – પાણી, ફળનો રસ, સૂપ, દાળ વગેરે લઈ શકાય. અલબત્ત પાણી જો સૌથી સસ્તુ અને અસરકારક પ્રવાહી છે એટલે યાદ રાખીને આખા દિવસ દરમ્યાન આઠ ગ્લાસ જેટલું પાણી દરેક વ્યક્તિએ પીવું જ જોઈએ. પાણી વધુ લેવાથી મળમાંથી વધુ પડતું પ્રાણી આંતરડામાં શોષાઈ જવાનું અને પરિણામે કઠણમળ પસાર થવાનું બંધ થઈ જશે. અને ધીમે ધીમે કબજીયાત ઓછી થશે.

**૨. પૂષ્કળ રેષાયુક્ત ખોરાક ખાઓ**

તંદુરસ્ત મળત્યાગ માટે મળમાં રેષાતતત્વ હોવું જરૂરી છે. રેષાતત્વ શરીરમાં શોષાતુ નથી અને મળને બાંધી રાખવામાં મદદરૂપ થાય છે. રોજ ખોરાકમાં દરેક વ્યક્તિએ આશરે ૪૦ ગ્રામ જેટલાં રેષાતત્વ ખોરાકમાં લેવા જરૂરી છે. કબજીયાત ઓછો કરવા માટે જરૂરી રેષાતત્વ સામાન્ય રીતે લીલા શાક – ભાજીમાંથી અને આખા અનાજમાંથી મળે છે. દુર્ભાગ્યે આપણે ત્યાં પોલીશ્ડ ચોખા અને મેદો ખાવાનું પ્રમાણ વધતું જાય છે જેમાં રેષાતત્વ બિલ્કુલ નહીવત હોય છે. ખોરાકમાં રેષાતત્વ મેળવવા માટે હાથે છડેલા ચોખા અને આખા ઘંઉનો લોટ (યૂલા સાથે) ખાવાની ટેવ રાખવી જોઈએ. બહુ રીફાઈન્ડ અને પોલીશ્ડ વસ્તુઓ લાભ કરતાં નુકશાન વધારે કરે છે.

**૩. નિયમિત ચાલવાની કસરત કરો**

નિયમિત ચાલવાથી આંતરડાની હલનચલન પણ વધે છે અને દરેક વ્યક્તિએ ભૂખ્યા પેટે રોજે રોજ અડધો કલાક ચાલવાની કસરત કરવી જોઈએ. આ ઉપરાંત જમ્યા પછી તરત બેસવાને બદલે પાંચેક મિનીટ હળવી ગતિએલટાર મારવાથી કબજીયાત થતી અટકે છે. જે માણસને બિલ્કુલ ચાલવાનું નથી થતું એમને કબજીયાતની તકલીફ ઉભી થાય જ છે.

**૪. માનસિક ચિંતા/ટેન્શનથી દુર રહો**

જયારે તમને ખૂબ ચિંતા કે ટેન્શન થઈ આવે ત્યારે એની અસર શરીરના દરેકે દરેક અવયવો ઉપર પડે જ છે. ચિંતા / ટેન્શનને કારણે ઘણાં લોકોના આંતરડાની ગતિ અટકી જાય અથવા ધીમી પડી જાય એવું બને છે. અને પરિણામે કબજીચાતની તકલીફ ઉભી થાય છે. કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ પૂર્વક વર્તવાનું શીખો અને બિનજરૂરી ઉતાવળથી દુર રહો. બાહ્ય પરિસ્થિતિને કારણે ચિંતા થાય અને એને પરિણામે શરીરમાં રોગ આવે એવું ન જ થવું જોઈએ. જિંદગીને હળવાશથી જૂઓ. ગુસ્સો/ટેન્શન થાય ત્યારે ઊંડા શ્વાસો શ્વાસ લેવાની પ્રક્રિયા શરૂ કરી દો, એનાથી ટેન્શન કાબૂમાં રહેશે.

**૫. મળત્યાગ અંગે શરીરને કેળવો (કુદરતી હાજતને અવગણો નહી) :**

ઘણાં લોકોમાં કબજીયાત થવાનું કારણ કુદરતી હાજતને અવગણવાની વૃત્તિ હોય છે. જયારે હાજત થાય ત્યારે તરત જ મળત્યાગ કરવા અંગેની સુવિધા શોધીએ કામ પતાવી દેવુ જરૂરી છે. કુદરતી હાજતને દબાવવાથી આંતરડાઓ નબળા પડી જાય છે અને કબજીયાત વધે છે. બીજુ હાજત ન લાગે તો માત્ર ટાઈમ થઈ ગયો છે માટે મળત્યાગ કરવા બેસી ન જાઓ, સવારે ઉઠીને હાજત લાગે પછી જ સંડાસમાં જવાનું રાખો સવારે એક બે ગ્લાસ નવાયું પાણી પીવાથી હાજત લાગવાની શકયતા વધી જશે.

**૬. કબજીયાતની દવાઓના બંધાણી ન બનો**

દવા કંપનીઓ નવી નવી દવા, ચૂર્ણ, ફાંકી સાથે બજારમાં આવતાં રહે છે – વધુને વધુ નફો રળવા. એટલે 'કાયમ લેવાતી રહે એવી દવા આ કંપનીઓ વધુ ગમે છે. યાદ રાખો કબજીયાતની તકલીફ ઉપર જણાવેલ સાદા ઉપાયોથી સહેલાઈથી દૂર થઈ શકે છે, એને માટે મોંઘી કે સતત લેવાની દવાઓ વાપરવી જરૂરી નથી. ઘણી દવાઓ થાકેલા આંતરડાને ચાબૂક મારવા જેવું કામ કરે છે અને થોડા વખત પછી સમય જતા એનો પણ ડોઝ વધારવો પડે છે. એટલે શકય હોય ત્યાં સુધી કબજીયાત માટેની દવાઓ લેવાનું ટાળો. કબજીયાતની દવા તરીકે સૌથી નિર્દોષ દવા કોઈ હોય તો એ ઈસબગૂલનો પાઉડર છે. ખરેખર આ એક પ્રકારના રેષાતતત્વ જ છે આ જયારે ખોરાકમાં પૂરતાં રેષાતત્વ ન મળતા હોય ત્યારે રેસાતત્વ પૂરા પાડવાનુ કામ કરે છે. પરંતુ કોઈ પણ દવા ડોકટરને પૂછયા વગર લેશો નહી.

**૭. વધુ પડતો તૈલી ખોરાક ટાળો**

જે ખોરાકમાં ઘી – તેલનું પ્રમાણ વધારે ખૂબ હોયએ ખોરાક ખાવાથી આંતરડાની ગતિ ઘટી જાય છે અને પરિણામે કબજીચાત, ગેસ વગેરે તકલીફો ઉભી થાય છે. બધી પ્રકારના ઘી – તેલનું પ્રમાણ ખુબ ઘટાડી નાંખો.

**૮. અન્ય બિમારીઓ માટેનીદવા પણ કબજીયાતનું કારણ હોઈ શકેઃ –**

શરીરને ઉપયોગી ખાંસી જયાં બિનજરૂરી કફસિરપ કે અન્ય દવાથી દબાવી દેવામાં આવે ત્યારે ખાંસીને સાથે આંતરડાની ગતિ પણ અવરોધાય છે અને કબજીયાત થાય છે. એસિડીટી માટે એલ્યુમીનીયમ ધરાવતી એન્ટાસીડ દવાઓ, કૌલ્શિયમ યુક્ત ઊંઘની દવા, પાર્કીન્સનની દવાઓ, એન્ટીહીસ્ટામીન વગેરે ઘણી દવાઓ કબજીયાત કરી શકે છે માટે દવા લેતા પહેલા ડોકટરને એનાથી કબજીયાત થશે કે નહીં એ પૂછી લો. કબજીયાત ન કરે એવી દવાઓ જ વાપરો.

આમ, કબજીયાતથી કંટાળીને દવા લેવાને બદલે ખાવા – પીવા હરવા ફરવા દવામાં ફેરફાર કરી કબજીચાતની તકલીફમાંથી મુક્તિ મેળવી શકશો.

# રામવાસચન સંપતિ ભ્રાજા, સુખી પ્રજા જનુ પાઈ સુરાજા ।

રામરૌલજ્ઞોમા નિરખિ, ભરત હદય અતિ પ્રેમ ા રામ કૃપાલ નિષાદ નિવાજા, પરિજન પ્રજા ચાહિય જસ રાજા ા રામદરરા લાલસા ઉછાઉ, પથશ્રમ લેરા કલેરા ન કાહૂ ા

પાંચમના દિવસે ભગવાન ત્યાંથી કોટા થઈને ઉજજૈન પધારવાના હતા. અજમેરે ગુજરાતી સમાજમાં થોડું રોકાવાના હતા. તેથી બધા ભાઈ–બહેનો અજમેરે ગુજરાતી સમાજ પહોંચી ગયા. હું હજી પુષ્કરમાં જ હતી. છેલ્લે અજમેર પધાર્યા ત્યારે પોતાની ગાડીમાં મને લઈ ગયા. મને મનમાં વિચાર આવતો હતો કે જયપુરમાં ભગવાનની અનિચ્છાથી મેં સેવાની માંગણી કરી તેથી નારાજ થયો હશે એન હવે બીજીવાર જયપુર નહીં પધારે તો ? તેના જવાબમાં અજમેરથી જતાં જતાં કહ્યું, ‘‘દેખો રમા, અબ માફા માફી હો ગઈ હે ના ? ફિર અબ ઐસે વિચાર નહીં કરના. સબ ભૂલ જાના. મુઝે તો કુછ યાદ ભી નહીં હૈ ?’’

‘‘રહતિ ન પ્રભુ ચિત્ત ચૂક કિયેકી....’’

હું ત્યાંથી જયપુર ગઈ. મારા નિત્ય કાર્યક્રમમાં લાગી ગઈ. ભગવાનનો થોડા દિવસે ઉજજૈનથી પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ

તા. ૨૬–૧૧–૬૬

ઉજૈન

પ્રિય રમા તુમારા પત્ર મિલા

મેરા સ્વાસ્થ બરાબર નહીં કારણ વિશ્રામકા અભાવ ઔર સુન તો જૈસા સ્વાસ્થ પુષ્કર થા વૈસાહી અબ હૈ.

રમા મેરી પ્રબલ ઈચ્છા હૈ કિ વશ્રામ લૂં પર એક ન એક કારણ આ હી જાતા હૈ.

મૈં યહાંસે કલ ઈંદોર હોકર પૂના જા રહા હૂં વહાં સુતિરૂપતી જાનેકા વિચાર હૈ તૂ મેરી ચિન્તા ન કરના ભજન કરના મુજે તેરી વેદના માલૂક હૈ ઔર શીઘ્ર હી ઉસકા નિકાલ હોગા સબકો આસીસ – રણછોડદાસ

થોડા દિવસો બાદ બાપુજીને મુંબઈ જવાનું થયું. તે વખતે ભગવાન મુંબઈમાં બિરાજતા હોવાથી બાપુજીને દર્શનનો લાભ મળેલ. પરંતુ ત્યાં વાતચીત કરવાની અનુકૂળતા નહીં મળી હોય તેથી ભગવાન પૂના પધાર્યા ત્યાં પોતાની પાસે બાપુજીને બોલાવેલા અને પૂનાથી ભગવાને પત્ર લખાવ્યો. તે વખતે મને તાવ આવતો તે વિગત બાપુજીએ ભગવાનને જણાવી હશે.

પ્રિય રમા

સાદર આર્શીવાદ

તેરે સ્વાસ્થકી ચિંતા હૈ તાર દિયા હૈ મેરા સ્વાસ્થ વૈસા હી હૈ ચિત્ત પ્રસન્ન હૈ ચિંતા કરના નહીં રાજકોટસે છ ભાઈ ખાર આયે થે ઉજકી પ્રતિજ્ઞા હૈ કિ એકાંતમેં આરામ કીજીયે વરના હમ અનશન કરેંગે.

મૈં એકાન્તમેં આરામકે લિયે દક્ષિણ જા રહા હૂં જહાં ભી ડંડી કમ હોગી વહાં દેઢ મહિના રહૂંગા. અનુકુલ સ્થાન દેખેંગે હાલમેં સ્થાન નિશ્ચિત નહીં હૈ મથુરાદાસભાઈ સબ ઈતજામ કરકે ચલે જાયેંગે. પુરુષોતમભાઈ બમ્બઈમેં મિલે થે ઉનકો પૂના બુલાયા હૈ તો આ ગયે હૈ અભી બાતચીત કુછ નહીં હુઈ હૈ હોને પર મૈં તુજકો લિખૂંગા.

મારવાડમે ઠંડી બહુત હોનેકે કારણ મૈં ઉસ તરફ નહીં આયા હૂં.

રણછોડદાસકા આસીસ

હાલ તો જયપુરમાં ઘરકામ તેમજ યથાશકિત મુજબ નિત્યનિયમમાં સમય પસાર થતો. કયારેય સ્વપ્ન દર્શન મળતા સંતોષ થતો. ભગવાન કયાં બિરાજે છે તે ખબર ન હોવાથી પત્ર પણ લખવાના રહેંતા નહીં. તેમના પત્રની રાહમાં જ દિવસો જતા. લાંબો સમય પત્ર ન આવતા તબિયત બાબત ચિંતા રહેતી. લગભગ એક મહિને પત્ર આવ્યો.

શ્રી રામમ

૧૪–૧–૬૭

વેલુર

રમા સાદર આસીસ

અસ્વસ્થ હૂં રમા ખુબ સ્વાસ્થ ખરાબ રહા હૈ અબ કુછ અચ્છા હૈ યહાં પર જયાદા ઠહરના યા નહીં ડાક બંગલેમેં હૂં.

પત્ર દેરીસે દે રહા હૂં સો દરગુજર કરના. ખુબ યાદ આતી હૈ પર કયા કરના તુમ ચિંતા ન કરના હો

સબકો આસીસ

રણછોડદાસ

આ રીતનો પત્ર આવતા તબિયત વિશે વિશેષ ચિંતા થતી. જો કે જયારે ગામનું નામ તેમજ રહેવાનું સ્થળ જણાવતા ત્યારે આડકતરી હોગવાથીદ કેવી રીતે પહોંચી શકાય. આ વિચારોથી જવાની ઈચ્છા હોવા છતાં પણ બેસી રહેતી અને કયારે જલ્દીથી દર્શન થાય તે માટે પ્રભુપ્રાર્થના કરતી.

ભગવાને પ્રાર્થનાની પદ્ધતિ પણ બતાવેલી. રોજ રાત્રે સૂતા પહેલાં પ્રભુપ્રાર્થના કરવાની.

‘‘હે પ્રભુ, કરુણામય ભગવાન, આજ કે દિવસ પર્યત જો કુછ અસત્ય યા આરોગ્ય કર્મ હુઆ હો કો ઉસકે લિયે ક્ષમા માંગતી હૂં મુઝે ઐસી બુદ્ધિ ઔર શકિત દો કિ અબ ભવિષ્યમેં કોઈ ભી ઐસે કર્મ મુઝસે ન હોને પાવે. બુદ્ધિદાતા તો તૂં હી હૈ. પ્રભુ ! તૂં હી હમારી રક્ષા કરના ઔર ઐસે કર્મોસે સદૈવ દૂર રખના.’’

આખા દિવસની પોતાની દિનચર્યા મનોમન તપાસી જો કોઈ સારું કર્મ થયું હોય તો તે પ્રભુને નમ્રપણે અર્પણ કરવાનું જેથી અહંમથી બચી જવાય.

‘‘હે પ્રભુ ! આજ યહ જો કુછ સતકર્મ કરનેકા નિમિત મૈં બની હૂં વહ તેરી હી કૃપાકા ફલ હૈ જો મૈં તુજે અર્પણ કરતી હૂં સદૈવ અસે હી સતકાર્ય કે નિમિત બનાના. જીવખ કે લિયે તેરી કૃપા કે બિના યહ અસંભવ હૈ.

આ રીતે રોજ સવારે પણ ઉઠતાંની સાથે પ્રભુ પ્રાર્થના કરવાની.

‘‘હે દયાલુ દીનબંધુ ! આજ શુભમંગલ પ્રભાતમેં તુને મુઝે જગાયા હૈ, પૂરે દિન તૂં હી સદબુદ્ધિ દેકર મુઝે સતકાર્ય કે નિમિત બનાના ઔર તેરે હી ચરણોંમે મેરા પ્રેમ બના રહે ઔર તેરા હી સ્મરણ રહે.’’

ભગવાન કહેતા, ‘‘રોજ પ્રાતઃ ઔર રાત્રિકો ઐસે પ્રાર્થના કરોગે તો અવશ્ય ઈવન બદલ જાયેગા. કયોંકિ અપને રોજી દે જીવનમેં કોઈ ભી અયોગ્ય કાર્ય કરનેકા પ્રસંગ આયેગા તો રૂક જાઓગે ઔર પ્રાર્થનામેં બલ હૈ ફિર રાતકી પ્રાર્થના મેં હિસાબ ભીદેના પડેગા’’ આરીતે નિત્ય આત્મચિંતન કરવા કહેતા.

આ સિવાય નવગ્રહના પ્રસંગ વખતે ભગવાને બતાવેલ પ્રાર્થના રોજ કરવાની રહેતી. કોઈવાર હું સાથે રહેવા ઈચ્છા રાખતી અને પોતાની પાસેથી મને જયપુર મોકલતા ત્યારે હંમેશા એકાંતમે જાતા હૂં એમ કહેતા તે વખતે હું બોલી જતી, ‘‘ભગવાન, મેરે સે હી એકાંતમે ના ?’’ કારણ પછી કોઈને કોઈ સાથે હોવાનું જાણવા મળતું જ. જવાબમાં કહેતા કે, ‘‘રમા તુમ્હેં જયપુર ભેજતા હૂં તો મુઝે ચિંતા નહીં રહતી હૈ કયોંકિ તુમારા જીવન ઠીક લાઈને પર ચલ રહા હૈ ઔર ઉન્હેં ઘર ભજનેમેં ડર રહતા હૈ’’ ત્યારે એક વાર મેં કહેલું, ‘‘ભગવાન, યદિ આપકે સાથ રહને કો મિલે તો મૈં ભી લાઈનકે બહાર હો જાઉ.’’ તે વખતે લાઈનથી બહારનો ખરો અર્થ શું તે ખબર ન હતી. એટલી જ સમજણ હતી કે લાઈનથી બહાર એટલે ભગવાને બતાવ્યા પ્રમાણે નિયમ ભજન ન કરવા તે. મારા શબ્દો સાંભળતા ગુસ્સામાં દુઃખી થઈ બોલ્યા, ‘‘કયા બોલતી હો ? તુમ્હેં કુછ સમજ હૈ ? રમા, તુમસે ઐસી આશા નહીં રખી થી.’’ આ સાંભળી ભગવાનનો ચહેરો જોતાં એકદમ ગભરાઈ ગઈ અને મને એમ લાગ્યું કે હું કાંઈક અયોગ્ય બોલી છું. ફરી પંદર દિવસે ભગવાનનો પત્ર આવ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ કાઠપડી

૧–૨–૬૭

પ્રિય રમા સાદર આસીસ,


સ્વાસ્થ સાધારણ હૈ રાહત કાર્ય કે લિયે બિહાર જાનેકા વિચાર હૈ ઔર થોડે દિનમેં નિકલ જાઉંગા સબકો આસીસ. રણછોડદાસ

ફરી પંદર દિવસે બીજો પત્ર આવ્યો.

રમા, સા. આ.

મેરા સ્વાસ્થ ઠીક ઠીક હૈ ભગવાનકાઆજ પ્રાગટય દિવસ હૈ પ્રણામ કરના મૈં બિહાર જા રહા હૂં વહાં જાકર પત્ર લિખૂંગા નિરાશ ન હોના સબકો આસીસ કહના. – રણછોડદાસ

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)



સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

**સાચી પ્યાસ હોય તો...**

**અનુભવનું અમૃત હોઠ સુધી આવે.**

અસતોમાં સદગમય ! તમસો મા જયોતિર્ગમય મૃત્યુમાં અમૃતં ગમય ા બૃહદારણ્યક ઉપનિષદ (૧,૩,૨૮)આપણે આ મંત્રનો મર્મ જાણીએ : હે ઈશ્વર મને અસત્યમાંથી સત્ય તરફ લઈ જા. અંધકારમાંથી પ્રકાશમાં લઈ જા મૃત્યુમાંથી અમૃત પ્રતિ તું લઈ જા.

અસત એટલે આ સંસાર જ સત્ય નથી. સંતો કહે છે. આ ઉઘાડી આંખનું સપનું છે. રાતે સપના આવે છે સવાર પડતા તે યાદ પણ નથી રહેતા. આ સંસાર પણ સપના જેવો છે. પરમાત્મા સત્ય છે એટલે ઋષિ પ્રભુપદ માટે પ્રાર્થના કરે છે. અહીં અજ્ઞાનમાંથી મૂકત કરી જ્ઞાન તરફ દોરી જવાની પ્રાર્થના છે. સંસારની માયા કષ્ટરૂપ છે તેથી અમૃત અમરત્વને પામવા અંધકારથી પ્રકાશ તરફ લઈ જવાની આ પ્રાર્થના પ્રેરક છે. કવિ ન્હાનાલાલે આ ભાવને ગુજરાતીમાં લાવ્યા છે.અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.

મહામૃત્યુમાંથી અમૃત સમીપે તાથ લઈ જા. પ્રભુ પ્રાપ્તિ પ્રભુ દર્શન પરમ મૂકિત માટેની ઝંખના આ પ્રાર્થનામાં છે.

મૃત્યુ સૌને માટે દુઃખરૂપ છે. ભયપ્રેરક છે. પરંતુ આપણા શાસ્ત્રોમાં મહા મૃત્યુમાંથી અમૃત સમીપે લઈ જવાની માગણી થઈ છે. મૃત્યુનો ભય દૂર કરવાની, નિર્ભય બનવાની અભિલાષા વ્યકત થઈ છે. દરેક વ્યકિત પોતાને અભિપ્રેત અર્થ તારવી શકે છે. સમજપૂર્વક છે. દરેક વ્યકિત પોતાને અભિપ્રેત અર્થ તારવી શકે છે. સમજપૂર્વક આ મંત્રો ચરિતાર્થ થાય તો વ્યકિતનો જીવન વિકાસ થાય છે. ચારિત્ર્ય નિર્માણ દ્વારા સુંદર જીવન જીવી શકે છે. સંસ્કૃત સુભાષિતો ખજાના જેવા કિંમતી છે તેનો અભ્યાસ સાર્થક જીવન ઘડતર માટે અમૂલ્યફાળો આપે છે. બાળકોના ઘડતર માટે આવા સુંદર શ્લોકો અભ્યાસક્રમમાં મૂકીને વિશાળ દષ્ટિથી જીવન ઘડતર થાય તો સાચે જ બધા પ્રશ્નોનો ઉકેલ મળે છે. મોબાઈલમાં અનેક એપ્લીકેશન સ્ટોર થાય છે. આપણે બહુ થોડીનો ઉપયોગ કરીએ છીએ. આપણામાં પણ પ્રભુએ સુપર કોમ્પ્યુટર જેટલી શકિત આપેલી છે. ભીતર તરફ યોગ શકિતથી અંદરના પ્રકાશ સુધી પહોંચીએ તો દિવ્ય પ્રકાશનો માર્ગ જોવા મળે છે. ખરેખર આપણે આપણા મન,તન સુધી પહોંચ્યા નથી. કશું જ જાણતા નથી. જીવન ખજાનાથી ભરપુર છે જેમ ભીતર તરફ બનીશું તો અનેક સમસ્યાઓનું સમાધાન થતું જાય છે. આપણે પરમાત્માના અંશ છીએ. આપણે આપણી જાતને ઓળખીશું તો સત્ય જાણવા આપ સૌએ આ વાર્તા સાભંળી હશે. એક સિહનું બચ્ચું બકરીનાં બચ્ચા સાથે મોટું થયું. બકરીની જેમ ડરતા શીખી ગયું. જંગલમાં સિંહની ત્રાડ સાંભળે એટલે બકરીનાં બચ્ચા સાથે નાસી જાય.. એક વખત તે નદીએ પાણી પીવા ગયું. ઝાડ ઉપર એક પોપટે કહ્યું તું સિહનું બચ્ચું છે જંગલના રાજા સિહનું સંતાન હોવા છતાં કેમ ડરે છે. પાણીમાં તારું પ્રતિબિંબ જોઈ લે. અને પછી સિંહના બચ્ચામાં ડર ન રહ્યો અને પછીની વાર્તા સૌ જાણે છે. તે રીતે આપણે પરમાત્માનો અંશ છીએ આપણને અલૌકિક શકિત કહે છે. ડર નહિ, ભાગ નહિ.. હાર નહિ. કામ કરતો જા પ્રભુ તારી સાથે આખું ગગન તારું છે.

આપણને સ્વની ઓળખ થતાં બધા ભય દૂર થાય છે. જીવન સુંદર લાગે છે. ભ્રાતૃભાવ સમગ્ર માનવજાત માટે પ્રેમ જાગે છે સત્ય, પ્રેમ, કરુણા દ્વારા આપણી યાત્રા આનંદ આપશે. ક્રોધ દ્વેષ ઈર્ષ્યા, વેરઝેર છળ–કપટ કયાં સુધી ? વિનાશના માર્ગે જતી આ માનવજાતને પાછી વાળવા પ્રયત્ન નહિ થાય તો વિનાશનો માર્ગ નકકી છે. લડાઈથી કોઈ પ્રશ્નો ઉકેલાતા નથી. અવેરે જ શમે વેર, ન શમ વેર વેરથી સદભાવની સુગંધ પ્રગટે એવો પ્રેમનો દીપક પ્રગટાવો વહાલની વેલને પ્રેમથી લીલીછમ બનાવો. સ્નેહની સરીતા વહેતી રાખો. પ્રેમના પુષ્પો કદી કરમાશે નહી. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું ચોપાસ ફેલાવો. રખેને મોડું થઈ જાય એ પહેલા નહિ તો પછી પસ્તાવા સિવાય હાથમાં કશું જ નહિં રહે. એક સત્ય કથા વાંચી હતી. એક બાળકને બચપણમાં આંખ જતી રહી હતી. મા એ આંખનું દાન આપી બાળકને દેખતો કર્યો હતો પરંતુ મા એ આ વાત કોઈને કહી ન હતી. માની આંખ એક જ રહી તેથી દેખાવ કદરૂપો થયો. પણ માનાં પ્રેમ.. બાળક યુવાન થયો. લગ્ન થયા. તેની પત્નીને સાસુ કદરૂપી લાગતા ઘરમાંથી કાઢી મૂકયા. મા કશું જ બોલી. પુત્રને ત્યાં પુત્રના જન્મના સમાચાર મળતા મા બાળકને જોવા ઘરે દોડી આવી. દરવાજેથી જ પુત્રની વહુએ કાઢી મૂકયા કહયું તમારો કદરૂપો ચેહરો જોઈ દીકરો ડરી જશે તમે કયારેય આવશો નહિ. પોતાનો પુત્ર અધિકારી બન્યો હોવા છતાં મા ચુપચાપ પાછી જતી રહી આઘાતથી શૂન્ય મા ગામડે આવી બીમાર પડી. રખને મોડું થઈ જાય એ શીર્ષક નીચે વાર્તા અકસ્માતે આંખ ગુમાવી હતી. સ્કૂલમાં તને કોઈ ખીજવે નહિ તે માટે મેં મારી એક આંખ આપી આ વાતમેં છૂપી રાખી. અતિપ્રેમને કારણે મેં ખૂબ સહન કર્યુ તને આ સત્યવાત ન કહી. પરંતુ પુત્રના પુત્રને જોવા આવતા મેં અપમાન સહન કર્યુ એટલે આ વાત તને કહું છું મારા અંતિમ દિવસો છે. પ્રભુ તારું હંમેશાં કલ્યાણ કરે. મારા આશિર્વાદ આપુ છું. આ પત્ર પહોંચ્યો ત્યારે મોડું થઈ ગયું હતું. પુત્રને માત

ાના અંતિમ દર્શન કરવાના જ રહ્યા. માફી માગવાનો પણ અવસર ન મળ્યો. મોડું થાય એ પહેલાં માફી માગી લો. ક્ષમા આપો. (અપૂર્ણ) – ધીરજ વ્યાસ

# સમજણ એ જ નારાયણ

## ‘‘ઘર એ જ વિદ્યાલય શિક્ષણ આપવાનું પહેલું સ્થાન આપણું ઘર’’



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

**‘‘જે માણસાઈથી મઢેલી હોય છે, તે ઝુંપડી પણ હવેલી હોય છે !’’**

જે પવિત્ર છે, તે જ મંદિર છે. દરેક વ્યકિત માટે પોતાનું ઘર એ ધરતી માતા અને મા–બાપનાં ખોળા સમાન હોય છે. માનવ સંસ્કૃતિ અને સંસ્કારોની સુગંધ હંમેશા આ ખોળ ામાંથી જ પ્રસરતી હોયછે. માણસની પા..પા.. પગલીથી માંડીને પરમ તરફનાં પ્રયાણ સુધીની યાત્રા ઘરેથી જ પ્રગટી પ્રસરી અને પૂર્ણ થતી હોય છે. ભણેલું ભુલાઈ જાય પછી જે યાદ રહી જાય તે જ સાચી કેળવણી છે, અને આ કેળવણીનો મહત્વનો બોધ પાઠ માણસને કાયમ પોતાનાં ઘરેથી જ મળે છે, મળવો જોઈએ ! આ સમાજની પાયાની નૈતિક ફરજ છે, જવાબદારી છે. ઘર એ સમાજ રચનાનું પાયાનું એકમ છે. દરેક વ્યકિતનાં ઘડતરનો પાયો હંમેશા પોતાનાં ઘરેથી, આંગણેથી જ રચાય છે. એક નાનું બાળ ક ઘર અને પરિવારનાં માધ્યમથી સંસ્કારો સદગુણો અને સૌજન્યશીલ સ્વભાવ કેળવી સામાન્ય માણસમાંથી વિશ્વમાનવ સુધીની સફર ખેડી શકે છે. જાતથી માંડી જગતકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરી શકે છે, તેનું પાયાનું શિક્ષણ ઘરેથી જ મેળવે છે ! મળવું જોઈએ ! ઘર એ માનવજીવન માટે અમૂલ્ય એવા સંસ્કારો સભ્યતા અને સંસ્કૃતિનાં મૂલ્યો, આદર્શ જીવનશૈલી વિશ્વ કલ્યાણ અને "વસુધૈવ કુટુમ્બકની" દિવ્ય ભાવના શીખવતી પાઠશાળા છે. ભરેથી જ આપણને સબંધો, ફરજો, જવાબદારીઓ નૈતિકતા ધર્મ અને કર્તવ્ય પરાયણતા પરોપકાર ભાવનાનું પાયાનું શિક્ષણ મળે છે. અને આ શિક્ષણ જ આગળ જતાં સમાજકલ્યાણનો રાજમાર્ગ કંડારવાનું માધ્યમ બનતું હોય છે. અણઘડ વ્યકિતમાંથી એક જવાબદાર સર્વગુણ સંપન્ન વ્યકિતત્વનાં નિર્માણ પાછળ ઘરની પાઠશાળાનો અમૂલ્યફાળો યોગદાન રહેતું હોય છે. એક નાનકડા ઘરમાં અનેક સદીઓ વારસાઓ અને સંસ્કૃતિઓ મહેકતી હોય છે, જીવંત રહેતી હોય છે. દરેક માણસને સમાજ સાથેની રહેણી કરણી રિતી–રિવાજો વાતચીત, રૂઢિઓ અને પરંપરાઓ ત્યાં રખતરખાંના બોધપાઠ અને પાન પોતાનાં ઘરેથી જ પ્રાપ્ત થાય છે. આ પાયાનું શિક્ષણ જ માણસને સમાજની સાથે કનેકટ અને એટેરડ રાખે છે તેને આદર્શમાનવ બનાવે છે. ઘર એ ધરતીનો છેડો પણ છે, અને શરૂઆત પણ છે, માનવ મૂલ્યો શીખવતી પાઠશાળા છે. વૈચારિક મૂલ્યો થી શોભતા ઘર પુથ્વી ઉપરનાં મંદિરો જ છે ! એટલે જ એક ઘરની ઉપર તેનું નામ... ‘હાશ’ લખેલું જાયું છે ! અંતમાં ચોકકસ કહીશ કે.. ઘરનાં સુખી એ સૌથી સુખી છે. ઘર કેળવણીનું કલ્પવૃક્ષ છે ! “ આ રઝળપાટ પછી એક સત્ય સમજાયું,

બધાયે રસ્તાઓ વળે છે, ઘર તરફ અંતે ! ’’– **અસ્તુ –**

# અગ્રણી સમાજ સેવક મિતલ ખેતાણીના સુપુત્ર માનસ ખેતાણીનો તા.૨૭ ના રોજ ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

## રાજકોટમાં સોમવારે જીવદયા પ્રવૃતિઓ સાથે જન્મદિનની ઉજવણી કરાશે

જાહેર જીવનના વરીષ્ઠ,સહકારી અગ્રણી સ્વ. નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ. હરદેવીબેન ખેતાણીનાં પુત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારની પશુપાલન અને ડેરી મંત્રાલય કમિટી, એનીમલ વેલફેર



બોર્ડ ઓફ ઈન્ડિયાની એવોર્ડ એન્ડ ઈવેન્ટ કમીટી તેમજ ગુજરાત સરકારનાં સ્ટેટ એનીમલ વેલફેર બોર્ડના મેમ્બર મિતલ ખેતાણી અને ડીમ્પલ ખેતાણીના પુત્ર ચિ. માનસ તા.૨૭ના રોજ ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છે.

દરેક જન્મદિવસની જેમ આ વખતે પણ અનેક વિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતિઓ સાથે માનસના જન્મદિનની ઉજવણી થઈ રહી છે. માનસ પોતે પોતાની બાળ મંડળી સાથે નજીકના વિસ્તારોમાં વર્ષક ૧૫ વૃક્ષોનું વાવેતર કરી પક્ષીઓને ચણ, કીડીઓને ડીડીયારૂ, કુતરાને દુધ રોટલી, ગાયોને ઘાસ, માછલીઓને લોટની ગોળી, ખીસકોલીઓને મકાઈ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાનાં માળા, બર્ડ ફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મુકી, ગૌમાતાની પાણી પીવાની કુડીઓ મુકશે અને સાથમાં જ ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક ૧૫ વૃક્ષનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી કરશે.

**માનસ મિતલ ખેતાણી**
**મો.૯૮૨૪૨ ૨૧૯૯૯**

જેણે પોતાની દુર્જનતાને પુબહારમાં ખીલવી છે. જેના પર કોઈનો અંકુશ નથી. જેનાં પુર્વ જન્મના અધમ કર્મો આ જન્મ માં આગળ વધી રહયા છે. જેણે માટી નસીબનાં જોરે સતા અને વૈભવ પ્રાપ્ત કર્યા છે. જેનાથી બીજા કોઈનાં ગુણ સહન થતા નથી. એવા નીચ પુરૂષ પર આધારીત હોય એવા માણસોને કયાથી સુખ મળવાનું છે ? તેઓ માત્ર હેરાન જ થઈ શકે છે.

**:: ભર્તુહરી ::**

વર્તમાન સમયમાં ભર્વૃહરી દ્વારા કહેવાયેલાં ઉપરોકત શબ્દો આજનાં કેટલાક નેતાઓ અને જનતાને બરાબર બંધ બેસતા જણાય આવે

# જીવન કયારે બદલાય?

## અનુભૂતિનાં અક્ષરો



- નિધિ મહેતા ‘ખુશી’ અમદાવાદ

આજકાલ સમય ખૂબ ઝડપી બન્યો છે. ત્યારે આ ૨૧મી સદીમાં આપણે સૌ પણ વિસ્તર્યા અને વિકસ્યા છીએ. આપણી પાસે વિકાસના ઘણા બધા રસ્તાઓ ખુલ્યા છે. આજે આ વર્ચ્યુઅલ વિશ્વ દ્વારા આપણે આંગળીની એક કિલક વડે જગત આખાની જાણકારી મેળવી શકીએ છીએ. કોઈ વિષય એવો નથી કે જેના વિશે ન જાણી શકાય. એટલા અમાપ વિકલ્પો આપણી પાસે છે આપણી પ્રતિભાને વિકસિત કરવાના, આપણા વ્યક્તિત્વના વિકાસ માટેના અને આપણે સૌ એનો બરાબર લાભ પણ લઈએ છીએ. આજે ઘરના એક ખૂણામાં બેઠા બેઠા પણ આપણે જગતના અનેક લોકો સાથે જોડાયેલા રહીએ છીએ.

છેલ્લા બે – ત્રણ દાયકામાં ટેકનોલોજીના આમાપ વિકાસથી આપણું જીવન ખૂબ સરળ અને વેગવંતુ બન્યું છે. કોમ્યુનિકેશન માટેના અઢળચક રસ્તાઓ સ્થાપિત થયા છે. ત્યારે આંગળીના ટેરવે જગત સાથે જોડાયેલો રહેતો માણસ કયાંક પોતાના સ્વજનોથી, પોતિકાઓથી ઘણો દૂર થઈ ગયો છે. એક જ રૂમના એક જ પલંગ પર બેઠેલી બે વ્યક્તિ મોબાઈલના મેસેજથી વાત કરે છે. એટલે સુવિધા, સગવડને સવલતનો વિસ્તાર ચોક્કસ થયો છે પરંતુ કયાંકને અને સંવાદ ઓછા થયા છે. આજે આ વર્ચ્યુલ વિશ્વના માધ્યમથી જગત સાથે જોડાણ અનુભવતો વ્યક્તિ કયાંક પોતાની જાતથી અને પોતે પોતિકાઓથી વિખુટો પડતો જાય છે, દૂર થતો જાય છે. આ વર્ચુલ વિશ્વમાંથી મળતા લાઈક અને કમેન્ટના તકલાદી પ્રતિભાવો કે પ્રતિસાદથી માણસ પોરસાતો જાય છે. આજે વ્યક્તિ ગ્લોબલ થયો છે પણ તે અંગતનો મટી રહ્યો છે. સમયની સાથે પરિવર્તન સાધતો આજનો વ્યક્તિ અપડેટ અને અપગ્રેડ થવાના પ્રયાસોમાં કયાંક ઘણું બધું પાછળ ગુમાવી રહ્યો છે. વર્ચ્યુલ વિશ્વની વ્યસ્તતામાં તે પોતાના અંગત જીવનને ઓસરી રહ્યો છે, વિસરી રહ્યો છે.

આ વર્ચુલ વિશ્વમાં એવા સંબંધો કે જેની સાથે આંખની ઓળખાણ પણ ન હોય એવા લોકોની સરાહના મેળવવા કે એને ખુશ કરવા કયારેક ખરેખર જે અંગત સંબંધો છે તે અળગા થાય છે. આજે વ્યક્તિને વિષય કોઈ પણ હોય દરેક વિષયમાં પોતાના અભિપ્રાય આપવા ગમે છે. કારણ કે આજે વ્યક્તિ જુદા જુદા માધ્યમો દ્વારા કોઈપણ વિષયની જગતભરની માહિતી મેળવી શકે છે. તેના વિશે અઢળક જાણકારી પ્રાપ્ત કરી શકે છે. અને એ જાણકારી મેળવ્યા પછી પોતાને જ્ઞાની સમજવા લાગે છે. પરંતુ જાણવું અને સમજવું આ બંનેમાં ખરેખર ખૂબ અંતર છે. કારણકે કોઈપણ જાણકારી મેળવી લેવાથી જ્ઞાની થઈ જવાતું નથી. પરંતુ એ જાણકારીને જયારે જીવનમાં સમજવામાં અને અનુસરવામાં આવે ત્યારે તે સાર્થક થાય છે.

જેનું ઉત્તમ ઉદાહરણ એક કહીએ તો દાખલા તરીકે આપણો મહાન ગ્રંથ ‘ગીતાજી’ જેના વિશે લગભગ દરેક વ્યક્તિને અઢળક જાણકારી છે પરંતુ તેની સમજણ એમાંના કેટલાને છે ? એ મહત્વનો પ્રશ્ન છે.

કારણકે ગીતાજી વિશે ગમે એટલી જાણકારી હોવાથી જીવનમાં પરિવર્તન આવતું નથી પરંતુ ગીતાજી જયારે સમજાય ત્યારે જીવન પરિવર્તીત થાય છે. પરંતુ કમનસીબે આ ગીતાજીમાં અઢળક જ્ઞાન છે એની જાણકારી

‘આપણને સને છે પરંતુ જીવતા આ ગીતા સમજાતી નથી અને મરેલાને તે સંભળાતી નથી.’કારણ કે જે દિવસે ગીતા વિશે જેટલી જાણકારી છે એના ૧૦% પણ સમજણ આવી જશે ત્યારે ઘણી બધી સમસ્યાઓના સમાધાન આપ મેળે થઈ જશે. પરંતુ આપણે સૌ જાણકારી મેળવવાની મથામણ કરીએ છીએ સમજણ મેળવવાની નહીં. કેમ કે જીવનને બદલવા જાણકારી નહીં સમજણ જરૂરી છે.

**નિધિ મહેતા–અમદાવાદ**

# અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજમાં ન્યુબોર્ન બાળકોને કિટ વિતરણ કરાઈ



અમરેલીનાં શ્રીમતી શાંતાબા હરિભાઈ ગજેરા ટ્રસ્ટનાં ચેરમેન વસંતભાઈ ગજેરાની ૭૦ મી વર્ષ ગાંઠ નિમિતે એક લાખ વૃક્ષ વાવી પર્યાવરણનું જતન કરવાનો સંકલ્પ લેવામાં આવેલ છે. તેમજ શાંતાબા જનરલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ બાળકો અને ન્યુબોર્ન બાળકોને કિટ વિતરણ કરવામાં આવી હતી.

### સંસદની સુરક્ષા ક્ષતિનો મામલો

## કોર્ટે દિલ્હી પોલીસને તપાસ માટે વધુ ૧૩ દિવસનો સમય આપ્યો છે

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હીની એક કોર્ટે શુક્રવારે દિલ્હી પોલીસને સંસદ સુરક્ષા ભંગ કેસમાં તેની અરજી પૂર્ણ કરવા માટે વધુ સમય આપ્યો છે. એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરે પોલીસને અરજી પર વધુ ૧૩ દિવસનો સમય આપ્યો હતો કારણ કે કેટલાક રિપોર્ટની રાહ જોવાઈ રહી હતી અને ડિજિટલ ડેટા ઘણો મોટો હતો. પોલીસે ન્યાયાધીશને તપાસ પૂર્ણ કરવા માટે વધુ ત્રણ મહિનાનો સમય આપવા વિનંતી કરી હતી.તમને જણાવી દઈએ કે ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ સંસદ પર આતંકવાદી હુમલાની વરસી પર સુરક્ષામાં મોટી ખામી જોવા મળી હતી. આરોપી સાગર શર્મા અને મનોરંજન ડી ઝીરો અવર દરમિયાન સંસદની ગેલેરીમાંથી લોકસભાની ચેમ્બરમાં કૂદી પડ્યા હતા, રંગબેરંગી ધુમાડાના કેન છોડીને સૂત્રોચ્ચાર કર્યા હતા.બાદમાં તેને સુરક્ષાકર્મીઓએ પકડી લીધો હતો. તે જ સમયે, અન્ય બે આરોપીઓ, શિંદે અને આઝાદે પણ સંસદ સંકુલની બહાર "સરમુખત્યારશાહી નહીં ચાલે" ની બૂમો પાડતા ધુમાડાના કેનનો ઉપયોગ કર્યો હતો.લોકસભા અને રાજ્યસભાની પોતાની ડાયરેક્ટર સુરક્ષા વ્યવસ્થા છે. મુલાકાતી પાસ માટે, લોકસભા સચિવાલયના ફોર્મ પર સાંસદની ભલામણ સહી જરૂરી છે. આ સાથે મુલાકાતીએ પાસ માટે આધાર કાર્ડ લાવવાનું રહેશે. જ્યારે મુલાકાતી રિસેપ્શન પર પહોંચે છે, ત્યારે ત્યાં હાજર સુરક્ષા ગાર્ડ પુરુષો અને સ્ત્રીઓને અલગ-અલગ તપાસે છે. આ પછી, રિસેપ્શન પર ફોટો આઈડી કાર્ડ બનાવવામાં આવે છે. રિસેપ્શન પર જ મોબાઈલ ફોન એકઠા કરવામાં આવે છે. આ પછી મુલાકાતી ફોટો ઓળખ કાર્ડ સાથે સુરક્ષા કમાન્ડો દ્વારા ગેલેરીમાં પહોંચે છે. મુલાકાતીઓ પાસે ગેલેરીમાં રોકાણનો સમયગાળો હોય છે, ત્યારબાદ તેઓને બહાર ફેંકી દેવામાં આવે છે.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૧૭૦ |
| ૩ | ચણા | ૧૧૪૦ | ૧૩૦૦ |
| ૪ | જીરૂ | ૪૨૧૦ | ૬૨૦૦ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૬૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૫૫ | ૨૮૦૫ |
| ૭ | મગ | ૧૪૬૦ | ૧૯૫૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૫ | ૧૩૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૭૬૧ |
| ૩ | તલ કાળા | ૩૨૨૫ | ૩૨૨૫ |
| ૪ | તલ પીળા | ૨૮૫૧ | ૨૮૫૧ |
| ૫ | કપાસ | ૯૦૦ | ૧૪૭૫ |
| ૬ | બાજરો | ૪૨૧ | ૫૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૬ | ૫૧૦ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૯૪૨ |
| ૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૦ | મગ | ૧૬૫૮ | ૧૭૧૫ |
| ૧૧ | મેથી | ૯૦૦ | ૧૧૩૦ |
| ૧૨ | તુવેર | ૧૭૦૧ | ૨૨૦૦ |
| ૧૩ | ચણા | ૭૫૦ | ૧૩૨૫ |
| ૧૪ | જીરૂ | ૫૭૦૦ | ૫૭૦૦ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૧૬ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૩૭૨ | ૧૬૦૯ |
| ૪ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૮૭૮ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૮૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૭૦૦ | ૩૧૪૬ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૪૫૨ |
| ૮ | જુવાર | ૪૪૨ | ૮૯૯ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૪૯ | ૬૦૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૨ |
| ૧૧ | મગ | ૧૬૨૫ | ૧૮૧૨ |
| ૧૨ | અડદ | ૧૮૯૬ | ૧૯૧૬ |
| ૧૩ | ચણા | ૧૦૧૦ | ૧૩૪૯ |
| ૧૪ | ચોળી | ૨૪૯૨ | ૩૭૦૦ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | કપાસ | ૧૦૧૦ | ૧૫૦૭ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૦૬૯ |
| ૧૮ | જીરૂ | ૧૮૪૦ | ૫૮૦૦ |
| ૧૯ | રાય | ૧૦૧૫ | ૧૧૮૦ |
| ૨૦ | ગમ ગુવાર | ૯૬૬ | ૯૬૬ |
| ૨૧ | ધાણા | ૯૯૫ | ૧૩૯૫ |
| ૨૨ | ધાણી | ૧૩૪૦ | ૧૫૫૦ |
| ૨૩ | અજમા | ૧૬૧૦ | ૨૭૭૦ |
| ૨૪ | મેથી | ૧૦૭૫ | ૧૨૯૦ |
| ૨૫ | સોયાબીન | ૮૬૫ | ૮૭૭ |
| ૨૬ | મરચા લાંબા | ૭૫૦ | ૨૦૯૦ |
| | કાંગ | ૮૬૦ | ૮૬૦ |

### આ ઘટનામાં પ્રવાસીઓને કોઈ ઈજા થઈ નથી

## ગૂગલ મેપે આપ્યો દગો, મોંઘી એસયુવી જઈને પડી નદીમાં

તિરુવનંતપૂરમ, તા.૨૫

ગુગલ મેપ અજાણ્યા અને નિર્જન રસ્તાઓ પર ખૂબ મદદરૂપ સાબિત થાય છે. જો કે, હૈદરાબાદના પ્રવાસીઓના કેટલાક જૂથને તેના દ્વારા સૂચવેલા માર્ગને અનુસરવાનું મોંઘું પડ્યું. તેમની એસયુવી નદીમાં પડી હતી. આ ઘટના કેરળના કોટ્ટાયમ જિલ્લાના કુરુપંથરા વિસ્તારમાં શનિવારે સવારે બની હતી. આ કારમાં ત્રણ પુરુષ અને એક મહિલા બેઠા હતા અને તેઓ અલપ્પુઝા જઈ રહ્યા હતા. જોકે, આ ઘટનામાં પ્રવાસીઓને કોઈ ઈજા થઈ નથી. પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક લોકોએ તેમને સમયસર બચાવ્યા હતા. પરંતુ, કાર નદીમાં સંપૂર્ણ રીતે ડૂબી ગઈ હતી. કાર નદીમાં પડી હોવાની માહિતી મળતાની સાથે જ નજીકમાં પેટ્રોલિંગ પર તૈનાત પોલીસ અને સ્થાનિક લોકો પ્રવાસીઓને બચાવવા દોડી આવ્યા હતા.

આ વર્ષની શરૂઆતમાં તમિલનાડુના ગુડાલુરમાં ગૂગલ મેપ્સની ભૂલને કારણે એક કાર સીડી પર ફસાઈ ગઈ હતી. આ ઘટના ત્યારે બની જ્યારે મિત્રોનું એક જૂથ કર્ણાટક પરત ફરી રહ્યું હતું. તેને ગૂગલ મેપ્સ દ્વારા ક્વાર્ટરમાં સીડી તરફ જવાનો રસ્તો બતાવવામાં આવ્યો હતો. જોકે, બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો. આવી જ ઘટના ગયા વર્ષે પણ બની હતી.

ગૂગલ મેપ્સ દ્વારા સૂચવવામાં આવેલા રૂટને અનુસરતી વખતે નદીમાં પડી જતાં બે ડોકટરોએ જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ કેરળ પોલીસે ચોમાસા દરમિયાન નકશાના ઉપયોગ અંગે સાવધાની રાખવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## ધારીની આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી

રૂમનીબાજુમાંટેબલનાખાનામાંખાનગી પાર્ટીસ સાચવવા આપેલ રાખેલ રોકડા રૂપિયા ૬,૬૫,૦૦૦ બેન્કના કર્મચારીએ મુકેલ હતા તે રકમ ગત. ૨૧નારોજબપોરના૧:૧૮થીસાંજના ૫:૨૦વાગ્યાસુધીમાંકોઈપણસમયેકોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ કરી લઈ ગયાની ફરિયાદ બેન્કના કર્મચારી પ્રિયાંકભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈએ ધારી પોલીસમાં નોંધાવેલ હતી.

ધારી પોલીસે સી.સી.ટી.વી. તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત અને ડોગ સ્કવોર્ડની મદદ લઈ આરોપીને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરૂ કરેલ હતો. ત્યારે પોલીસને મળેલ બાતમી તથા ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સની મદદ વડે તે જ બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અને અમરેલીના હનુમાનપરા રોડ ઉપરવાળા આવેલ પરમ રેસીડેન્સીમાં રહેતા શૈલેષભાઈ બાબુભાઈ ગઢીયા નામનાં ઈસમની શંકાના આધારે પોલીસે પૂછપરછ કરતાં તેઓએ આ રકમની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ જણાવ્યું હતું કે, આ બેન્કના કર્મચારીને કોઈ બહારની વ્યકિત આ રકમ થોડીવાર માટે સાચવવા માટે આપી ગયેલ હતા. તે નાણાં બેન્કના જ કર્મચારીએ બેન્કમાં બેન્કના સર્વર રૂમની બાજુમાં ટેબલનાખાનામાં મુકેલ હોય. ત્યારે આરોપી આ બધી હકીકત જાણતા હોય ત્યારે આ જ બેન્કના મેનેજર નાણાંની લાલચમાં આવી જઈ ચોરી લીધા હતા. પોલીસે આરોપીની રોકડ રકમ ૬,૬૫,૦૦૦ના મુદામાલ સાથે અટક કરેલ છે.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૩૧૦ |
| ૨ | મગફળી | ૧૦૪૫ | ૧૧૧૨ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૫૧૩ |
| ૪ | મગ | ૧૫૩૫ | ૧૭૦૧ |
| ૫ | શીંગ ફાડા | ૧૦૫૫ | ૧૩૦૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| ૩ | શીંગ નવી | ૧૧૫૧ | ૧૨૬૧ |
| ૪ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૫૧ |
| ૫ | તલ સફેદ | ૨૫૫૧ | ૩૦૯૦ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૯૦ |
| ૭ | જીરૂ | ૪૧૦૦ | ૫૯૦૧ |
| ૮ | કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૪ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૫ |
| ૧૧ | બાજરો | ૪૦૦ | ૪૮૬ |
| ૧૨ | જુવાર | ૬૦૦ | ૯૦૪ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૭૯૭ |
| ૧૪ | અડદ | ૧૬૦૦ | ૧૯૫૦ |
| ૧૫ | ચણા | ૧૨૨૫ | ૧૩૧૫ |
| ૧૬ | દેશી ચણા | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ૧૭ | તુવેર | ૧૯૦૦ | ૨૧૬૦ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| ૧૯ | મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૯૦૦ | ૧૦૮૦ |
| ૨૧ | ધાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| ૨૨ | સોયાબીન | ૮૦૦ | ૮૭૬ |

### ભભુતી, લાલ–લીલા દોરા, પાણી આપી જીંદગી સાથે ખિલવાડ કરતો હોય

## પોરબંદરમાં ૩૦ વર્ષથી ધતિંગલીલા કરનાર હિન્દુ મુંજાવરનો પર્દાફાશ

### કબુલાતનામું આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી દીધી

અમદાવાદ તા. ૨૫

પોરબંદરમાં નાનો નાગરવાડામાં છેલ્લા ૩૦ વર્ષથી દોરા–ધાગા, ભભુતી આપી રોગ મટાડવાનો દાવો કરનાર હિન્દુ મુંજાવર રાજેશ ફકીરા ચામડીયાનો ભારતજન વિજ્ઞાન જાથાની ટીમે કિર્તીમંદિર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૩ મો સફળ પર્દાફાશ કર્યો હતો. કબુલાતનામું આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી દીધી હતી.





બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાના કાર્યાલયે હિન્દુ મુંજાવરના ધતિંગ સંબંધી ૧૦ થી વધુ લોકોએ માહિતી આપી તેમાં રાજેશ ફકીરા બાપુ છેલ્લા ૩૦ વર્ષથી ઘરમાં દેવી–દેવતા, હજરત મીરા દાતાર બાપુના ફોટાનું ધાર્મિક સ્થાનક બનાવી દર ગુરૂવાર, શુક્રવાર અને સામાન્ય દિવસોમાં રાત્રિના ૯ થી૧૨ સુધી દોરા–ધાગા, ભભુતી, પીરનું પાણી આપી જોવાનું કામ કરે છે. આખો પરિવાર આ દોરા–ધાગાની દુકાનમાં જોડાયેલો રહેલો છે. લોકોને બાધા–ટેક રખાવી અમુક વાર ભરવાનું કહી બોલાવે છે. શ્રધ્ધાના નામે ખુલ્લી છેતરપિંડી કરે છે. બિમાર દર્દીઓની જીંદગી સાથે ખિલવાડ કરે છે. માનસિક બિમારી ભોગવતા દર્દીઓને અમાનુષી ત્રાસ આપે છે. પિડીતોને દવાખાને જતા બાધારૂપ કામ કરે છે. પડોશીના કહેવા મુજબ બાપુ રાજેશ કોઈપણ પ્રકારનો કામ–ધંધો કરતા નથી. મીરા દાતાર બાપુ ધ્યાન રાખે છે. [illegible] ફેલાવે છે. વર્ષોથી જુની દિવાદાંડીની પાછળના વિસ્તારમાં ધાર્મિક સ્થાનમાં દોરા– ધાગાનો ધંધો કરે છે. રૂપિયા દસ હજારથી એક લાખની ટેક રખાવી આર્થિક પાયમાલી તરફ દોરી જાય છે. પીર બાપુ આવે ત્યારે શરીર ઉપર સાંકળ મારી લોકોને પ્રભાવિત કરે છે. પીડિતોને સારુ ન થાય તો શ્રધ્ધા– નસીબનું કારણ બતાવે છે. પરિવાર અને અમુક માથાભારે શખ્યોને કારણે છેતરાયેલા લોકો ફરિયાદ કરવાનું ટાળે છે. આ બાપુના કારણે મોડી સારવારના કારણે દર્દીઓ યાતનાઓ ભોગવે છે. રાજેશ ફકીરાના ધતિંગ બંધ કરાવવા માહિતીનો સ્તોત્ર આપ્યો હતો.

જાથાના જંયત પંડયાએ માહીતીના આધારે ખરાઈ કરવા માટે બે વાર ડમી માણસોને મોકલતા તેમને પગનો દુ:ખાવો, કોર્ટ કેસ, બેરોજગારીનું કારણમાં ભભુતીની ત્રણ પડીકી, પાણી, મોરપીંછ શરીર પર ઉતાર કર્યો હતો. અમુક દિવસો ભરવા અને કેસનો નિકાલ છ માસમાં થઈ જશે તેવું પીરના નામે બોલ્યા હતા. વાસ્તવમાં જાથાના ડમી માણસોને એકપણ પ્રકારની મુશ્કેલી ન હતી. તેથી બાપુની બોગસ વાત સાબિત થઈ હતી. પુરાવાના કારણે રાજેશ ફકીરાનું પર્દાફાશ કરવાનું નકકી થયું હતું.

જાથાના ચેરમેન– એડવોકેટ જંયત પંડયાએ રાજયના મુખ્યમંત્રી સહિત ઉચ્ચ ઉચ્ચ અધિકારીઓ, પોરબંદર જિલ્લા પોલીસ વડાને પત્ર લખી પર્દાફાશ સમયે પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. જેનો સાનુકુળ જવાબ આપતા કિર્તીમંદિર પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલવામાં આવી હતી. પર્દાફાશનો માર્ગ મોકળો બની ગયો હતો.

રાજકોટથી જાથાના જંયત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, રમેશ પરમાર સહિત કાર્યકરો પોરબંદર જવા રવાના થયા હતા. કિર્તીમંદિર પો. સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ને રૂબરૂ મળી હકિકતથી વાકેફ કરવા માં આવ્યા હતા. પોલીસ સ્ટાફ ફાળવી દીધો હતો.

જાથાના જયંત પંડયા, ટીમ સાથે પોલીસ સ્ટાફ બાપુ રાજેશ ફકીરાને નાનો નાગરવાડા પહોંચી ગયા. જયાં તેઓ આવેલા પીડિતોનું જોવાનું કામ કરતા હતા. તેમને પરિચય આપી દોરા–ધાગા, ભભુતી આપવાનું બંધ કરો, વગર ડિગ્રીએ ઉપચાર કરી શકતા નથી તેવી સમજ આપી પરંતુ રાજેશ ફકીરાએ હું ૩૦ વર્ષથી સફેદ, લાલ–લીલા દોરા આપું છું. પાણી, ભભુતી આપું છું. મારા શરીરમાં બે પ્રકારે ધુણું છું. ઉનાવાના હજરત મીરા દાતાર બાપુ આવે છે મોડી સારવાર મળે તે દર્દી મોતને ભેટે જવાબદારી કોની? ધતિંગલીલા કરવાનું બંધ કરવાનું કહેતા માનતા ન હતા તેથી તેને પોલીસ સ્ટેશનને લાવવામાં આવ્યો. આસપાસ શેરીના લોકો જોવા ઉમટી પડયા હતા. તેની તરફદારી કરવા કોઈ આગળ આવ્યું ન હતું. હિન્દુ મુંજાવરની પ્રવૃતિથી રહીશો નારાજ હોવાનો અંદાજ થયો હતો.

જાથાના પંડયાએ ફરિયાદી મહિલા હાજર હોય ગુન્હો દાખલ કરવો છે તેવું જણાવતા હાજર પોલીસ કયા પ્રકારનો ગુન્હો બને છે. લેખિતમાં આપો. જાથાએ ગુન્હા સંબંધી કલમો જણાવી અત્યારે જ ફરિયાદ દાખલ કરવી છે, બાદ પી.એસ.આઈ. સોલંકીએ આવીને મામલો સંભાળ્યો હતો.

પી.એસ.આઈ. સોલંકીએ રાજેશ ફકીરાને ભભુતી આપી શકાય નહિ , પાણી કેમ આપો છો. કાયદાકિય સમજ આપી હતી. રાજેશ ફકીરા ઢીલાઢફ થઈ ગયા હતા. કબુલાતનામામાં સહી કરી કાયમી ભભુતી, દોરા–ધાગા આપવા, પાણી આપવાનું બંધની કાયમી જાહેરાત આપી દીધી. મામલો થાળે પડયો હતો. પોલીસ સ્ટેશને તેનો પરિવાર આવી પહોંચ્યો હતો. તેના સમર્થકો આવ્યા ન હતા.

પોરબંદરમાં ૩૦ વર્ષથી ચાલતી ધતિંગ–કપટલીલા જાથાએ કાયમી બંધ કરાવી હતી. બાપુનું કબુલાતનામું સોશયલ મીડિયામાં શેર કરવામાં આવ્યું હતું. જાથાએ જિલ્લા પો. વડા, પોલીસ સ્ટેશનનો આભાર માન્યો હતો.

અંતમાં રાજેશ ફીકરાથી પીડિત લોકો ફરિયાદ કરવા આગળ આવશે તો જાથા કાનુની મદદ કરશે. રાજયમાં દોરા–ધાગાની માહીતી મો. ૯૯૨૫૨ ૧૬૬૮૯ ઉપર કરવા જણાવાયું હતું.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૦ | ૧૪૭૩ |
| ૨ | ચણા | ૧૦૮૦ | ૧૨૩૬ |
| ૩ | જુવાર સફેદ | ૭૮૦ | ૭૮૦ |
| ૪ | તલ | ૨૬૦૦ | ૨૬૬૫ |
| ૫ | એરંડા | ૧૦૬૧ | ૧૦૬૧ |
| ૬ | મગ | ૧૬૫૨ | ૧૬૫૨ |
| ૭ | મકાઈ | ૩૧૨ | ૩૧૨ |
| ૮ | મેથી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૯ | મગફળી | ૧૦૮૦ | ૧૦૮૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૬ |
| ૩ | ધાણા | ૧૧૮૧ | ૧૩૧૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૮ | ૫૧૯ |
| ૬ | એરંડી | ૯૫૦ | ૧૦૭૦ |
| ૭ | મેથી | ૯૫૪ | ૯૫૪ |
| ૮ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |
| ૯ | મકાઈ | ૫૦૨ | ૫૦૨ |
| ૧૦ | તલ સફેદ | ૨૧૪૦ | ૨૬૪૦ |
| ૧૧ | મગફળી | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૧૨ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | સીંગફાડા | ૧૫૫૨ | ૧૫૫૨ |
| ૧૪ | સોયાબીન | ૭૨૫ | ૮૪૮ |
| ૧૫ | મગ | ૧૦૦૦ | ૧૬૨૦ |

### અસહ્ય ગરમી હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો

# લોકસભા ચૂંટણી : છઠ્ઠા તબક્કામાં ૫ વાગ્યા સુધી ૫૭.૭% મતદાન

### છઠ્ઠા તબક્કામાં સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં ૭૭.૯૯% નોંધાયું છે જ્યારે સૌથી ઓછું જમ્મુ-કાશ્મીરમાં ૫૧.૩૫% મતદાન નોંધાયું હતું

નવી દિલ્હી, તા.૨૫

લોકસભા ચૂંટણી અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે. પાંચ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે અને છઠ્ઠા તબક્કામાં શનિવારે મતદાન થયું હતું. આ તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૫૮ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં હરિયાણાની બધી જ ૧૦ અને દિલ્હીની બધી જ ૭ બેઠકોનો સમાવેશ થાય છે. છઠ્ઠા તબક્કામાં ૧૧ કરોડથી વધુ મતદારો કુલ ૮૮૯ ઉમેદવારોનું ભાવિ નિશ્ચિત કરશે, જેમાં ત્રણ કેન્દ્રીય મંત્રી, ત્રણ પૂર્વ મુખ્યમંત્રી અને અભિનેત્રી કંગના રણૌત સહિતના ફિલ્મ સ્ટાર્સનો સમાવેશ થાય છે. લોકસભાની સાથે ઓડિશાની ૪૨ વિધાનસભા બેઠકો પર પણ આજે મતદાન થયું હતું. અસહ્ય ગરમી હોવા છતાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હોય તેમ સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૫૭.૭ ટકા મતદાન નોંધાયું છે. ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા મુજબ સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં ૭૭.૯૯% નોંધાયું છે. જ્યારે સૌથી ઓછું જમ્મુ-કાશ્મીરમાં ૫૧.૩૫% મતદાન નોંધાયું છે.

સાત તબક્કાની લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને હરિયાણાની બેઠકો ઉપરાંત ઉત્તર પ્રદેશની ૧૪, પશ્ચિમ બંગાળમાં જંગલ મહલ પ્રદેશ અને બિહારની ૮-૮, ઓડિશાની છ, ઝારખંડની ચાર અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થયું. છઠ્ઠા તબક્કામાં ૫.૮૪ કરોડ પુરુષો અને ૫.૨૯ કરોડ મહિલાઓ સહિત કુલ ૧૧.૧૩ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો. આ માટે ચૂંટણી પંચે કુલ૧.૧૪ લાખ મતદાન મથકો પર ૧૧.૪ લાખ પોલિંગ અધિકારીઓ નિયુક્ત કર્યા હતા.

ચૂંટણી પંચના આંકડા પ્રમાણે બપોરે ૩ વાગ્યા સુધી પ બંગાળમાં ૭૦.૧૯% નોંધાયું હતું, જ્યારે ઉત્તરપ્રદેશમાં સૌથી ઓછું ૪૩.૯૫% નોંધાયું. સરેરાશ મતદાનની વાત કરીએ તો એક વાગ્યા સુધીમાં ૪૯.૨૦% મતદાન નોંધાયું હતું. જો કે ભારે ગરમી વચ્ચે પણ મતદારોનો ઉત્સાહ ઊંચો જોવા મળ્યો હતો.

મહેન્દ્ર સિંહ ધોની પણ મતદાન કરવા આવ્યો હતો. ચૂંટણી પંચે ટ્વિટ કરીને આપી જાણકારી આપી હતી. ગાંધી પરિવારે કર્યુ મતદાન, વોટિંગ બાદ રાહુલ ગાંધીએ ભાજપ પર નિશાન સાધ્યું હતું. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધીએ પણ મતદાન કર્યું હતું. તેમણે મતદાન કર્યા બાદ કહ્યું હતું કે અમે બંધારણ અને લોકશાહી માટે મતદાન કર્યું છે. રાહુલ ગાંધી દ્વારા આપ અને કેજરીવાલ દ્વારા કોંગ્રેસને વોટ આપવા અંગેના સવાલ પર તેમણે કહ્યું કે મને આ વાત પર ગર્વ છે.

પશ્ચિમ બંગાળમાં મતદાન પહેલા બે અલગ-અલગ ઘટનાઓએ ફરી એકવાર સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નાર્થ ઊભા કર્યા છે. કારણ કે છઠ્ઠા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા પૂર્વ મિદનાપુરમાં તૃણમૂલ કાર્યકરની હત્યા કરવામાં આવી હતી અને અન્ય એક કાર્યકર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ચૂંટણી વચ્ચે માથાકૂટ થઈ હતી. અનંતનાગ-રાજૌરી બેઠક પર મતદાન વચ્ચે મહેબૂબા મુફ્તી અને તેમની પાર્ટીના નેતાઓ ધરણાં કરવા બેસી ગયા છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબાનો આરોપ છે કે તેમની પાર્ટીના પોલિંગ એજન્ટ અને કાર્યકરોની કારણ વગર જ ધરપકડ કરી લેવામાં આવી છે.

છઠ્ઠા તબક્કામાં મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તે માટે ૨૨૨૨ ફ્લાઈંગ સ્ક્વોડ, ૨૨૯૫ સ્ટેટિક સર્વેલન્સ ટીમો, ૮૧૯ વીડિયો સર્વેલન્સ ટીમો અને ૫૬૯ વીડિયો વ્યુઈંગ ટીમો ગોઠવવામાં આવી હતી. જોકે, ચૂંટણી પંચ માટે બંગાળમાં સ્થિતિ પડકારજનક રહી. અહીં નંદીગ્રામમાં બુધવારે રાતે ભાજપની મહિલા કાર્યકરના મોત પછી સ્થિતિ તણાવપૂર્ણ હતી. દરેક તબક્કાના મતદાનમાં પશ્ચિમ બંગાળમાં છુટીછવાઈ હિંસાએ ચૂંટણી પંચની ચિંતા વધારી હતી. છઠ્ઠા તબક્કામાં ભાજપ સાથે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ઈન્ડિયા બ્લોકના અન્ય પક્ષોના અનેક અગ્રણી નેતાઓનું નસીબ દાવ પર છે. છઠ્ઠા તબક્કાના મતદાનમાં કુલ ૫૮ બેઠકોમાંથી ૧૫ બેઠકો પરની ચૂંટણી હાઈપ્રોફાઈલ હોવાનું મનાય છે, જેમાં ત્રણ પૂર્વ મુખ્ય મંત્રી અને ત્રણ કેન્દ્રીય મંત્રીનો સમાવેશ થાય છે. હરિયાણામાં મોટાભાગની બેઠકો પર ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર રહેશે. હરિયાણામાં કેન્દ્રિય મંત્રીઓ અને પૂર્વ મુખ્યમંત્રી ઉપરાંત મંડી બેઠક પરથી અભિનેત્રી કંગના રનૌતે પણ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે, ત્યારે આખા દેશની નજર આ બેઠક પર રહેશે. બીજી તરફ, હરિયાણાની કરનાલ બેઠક પરથી પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર તથા કુરુક્ષેત્ર બેઠક પરથી ઉદ્યોગપતિ નવીન જિંદાલ પહેલી વખત ભાજપની ટિકિટ પર લડી રહ્યા છે. રોહતક બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા ચૂંટણી મેદાનમાં છે.

ઉત્તર પ્રદેશમાં ૧૪ બેઠકો પર મતદાન થયું, જેમાં સુલતાનપુર, પ્રતાપગઢ, ફુલપુર, અલ્લાહાબાદ, આંબેડકરનગર, શ્રાવસ્તિ, ડોમરિયાગંજ, બસ્તી જેવી બેઠકો સામેલ છે. સુલતાનપુરથી મેનકા ગાંધીએ સતત નવમી વખત લોકસભામાં પ્રવેશ માટે ઝંપલાવ્યું છે. ઉત્તર પ્રદેશના આઝમગઢથી ભોજપુરી સ્ટાર દિનેશ લાલ યાદવ ઉર્ફે નિરહુઆ, ડુમરિયાગંજ બેઠક પર પૂર્વ મુખ્યમંત્રી જગદંબિકા પાલ પાંચમી વખત ચૂંટણી મેદાનમાં છે. ગુડગાંવ બેઠક પર કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજિત સિંહ સામે રાજ બબ્બર મેદાનમાં છે. એવી જ રીતે, ઓડિશામાં સંબલપુર બેઠક પર કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન જ્યારે પુરી બેઠક પર ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા ચૂંટણી મેદાનમાં છે. પશ્ચિમ બંગાળમાં કાંથી બેઠક પર ભાજપ નેતા સુવેન્દુ અધિકારીના ભાઈ સૌમેન્દુ અધિકારી મેદાનમાં છે જ્યારે તમલુક બેઠક પર કલકત્તા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ અભિજિત ગંગોપાધ્યાયે પહેલી વખત ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી છે.

| રાજ્ય | મતદાનની ટકાવારી |
|---|---|
| બિહાર | ૫૨.૨૪% |
| હરિયાણા | ૫૫.૯૩% |
| જમ્મુ-કાશ્મીર | ૫૧.૩૫% |
| ઝારખંડ | ૬૧.૪૧% |
| દિલ્હી | ૫૩.૭૩% |
| ઓડિશા | ૫૯.૬૦% |
| ઉત્તર પ્રદેશ | ૫૨.૦૨% |
| પશ્ચિમ બંગાળ | ૭૭.૯૯% |

### દિલ્હીમાં લોકસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું

# સોનિયા ગાંધી, પ્રિયંકા અને રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીને જ વોટ નથી આપી શક્યા

### તમામ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે

નવી દિલ્હી, તા.૨૫

દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કાનું મતદાન થયું. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે.સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે અને અત્યાર સુધી કોંગ્રેસ અહીં સાત વખત ચૂંટણી જીતી ચુકી છે. કોંગ્રેસ નેતા અજય માકન ૨૦૦૪ અને ૨૦૦૯માં અહીંથી ચૂંટાયા હતા. આ પછી ભાજપ નેતા મીનાક્ષી લેખીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં અહીં ચૂંટણી જીતી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો દિલ્હીમાંથી સફાયો થઈ ગયો છે. આ વખતે પાર્ટીએ આપ સાથે ગઠબંધન કર્યું છે. સાત બેઠકોમાંથી આપને ૪ અને કોંગ્રેસને ત્રણ બેઠકો મળી છે.

### મોદીએ પટનાની રેલીમાં INDIA ગઠબંધન પર આકરા પ્રહાર કર્યા

# AAPના આકાની પત્ની પણ પીએમ પદના દાવેદાર : મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, INDIA ગઠબંધનના તમામ પરિવારવાદી સાથે મળીને વડાપ્રધાનની ખુરશીને લઈને મ્યુઝિકલ ચેર રમવા માંગે છે

પટના, તા.૨૫

લોકસભા ચૂંટણીનું શનિવારે મતદાન થયું હતું. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના પટનામાં એક ચૂંટણી રેલીને સંબોધી હતી. તેમણે I.N.D.I.A. ગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે, તેમનો (I.N.D.I.A. ગઠબંધન) ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં પાંચ પીએમ આપવાનો છે. આ યોજના હેઠળ ગાંધી પરિવારના દીકરાથી લઈને આમ આદમી પાર્ટી (AAP)ના આકાની પત્ની સુધીનું નામ પીએમ મદની રેસમાં સામેલ છે.

પટનામાં જાહેર સભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'I.N.D.I.A. ગઠબંધનના તમામ પરિવારવાદી સાથે મળીને વડાપ્રધાનની ખુરશીને લઈને મ્યુઝિકલ ચેર રમવા માંગે છે. એલઈડીના જમાનામાં બિહારમાં અહીં પણ ફાનસ પણ છે. પરંતુ આ એક એવો ફાનસ છે, જે ફક્ત એક જ ઘરને પ્રકાશિત કરે છે. આ ફાનસથી બિહારમાં અંધકાર ફેલાયો છે.' નોંધનીય છે કે, આરજેડીનું ચૂંટણી ચિન્હ ફાનસ છે.

વિપક્ષ પર નિશાન સાધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ચૂંટણી પરિણામોને લઈને એક્ઝિટ પોલ આવવા લાગ્યા છે. તમે સમજો છો, જ્યારે આ I.N.D.I.A. ગઠબંધન લોકો હંમેશા ઈવીએમના વિરોધમાં બોલતા હતા. મતલબ કે એનડીએની સફળતાનો એક્ઝિટ પોલ આવી ગયો છે. ચોથી જૂને પાટલીપુત્ર અને દેશમાં પણ નવો રેકોર્ડ બનશે.' છઠ્ઠા તબક્કાના મતદાનનો ઉલ્લેખ કરીને તેમણે લોકોને મતદાન કરવાની અપીલ પણ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'બિહારની આ ધરતીએ સામાજિક ન્યાયને લઈને સમગ્ર દેશને દિશા બતાવી છે. મેં બિહારમાં એસસી-એસટી-ઓબીસીના આરક્ષણના અધિકાર માટે લાંબી લડાઈ લડી છે, પરંતુ આજે હું બિહારના જાગૃત લોકો સમક્ષ દુ:ખ અને ભારે દર્દ સાથે એક કડવું સત્ય રજૂ કરી રહ્યો છું. ભારતમાં ધર્મના આધારે કોઈ અનામત આપવામાં આવશે નહીં.

બાબા સાહેબ આંબેડકર કહેતા હતા કે ધર્મના આધારે આરક્ષણ નહીં મળે, પરંતુ આરજેડી-કોંગ્રેસ એસસી/એસટી/ઓબીસી ક્વોટા નાબૂદ કરીને ધર્મના આધારે તેમની મતબેંકને અનામત આપવા માંગે છે.' કોંગ્રેસ પર આરોપ લગાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'આરજેડી-કોંગ્રેસે મળીને મારા યાદવ, કુર્મી, કુશવાહા, તેલી, કાન્હુ, નિષાદ, પાસવાન અને મારા મુસહર પરિવારોનું આરક્ષણ છીનવી લીધું છે. કોંગ્રેસે પોતાની મતબેંકને ખુશ કરવા માટે રાતોરાત લઘુમતી સંસ્થાઓને લગતા કાયદામાં ફેરફાર કર્યો. આ પછી હજારો સંસ્થાઓને લઘુમતી સંસ્થાઓ જાહેર કરવામાં આવી.

### મતદાન વચ્ચે ભાજપને ઝટકો

# હરિયાણામાં ટેકો આપનારા અપક્ષ ધારાસભ્યનું હાર્ટએટેકથી નિધન

### હરિયાણાનાં ધારાસભ્ય રાકેશ દૌલતાબાદનું નિધન

ગુરગ્રામ, તા.૨૫

લોકસભા ચૂંટણીનાં છઠ્ઠા તબક્કામાં હરિયાણાની તમામ ૧૦ સંસદીય સીટો પર મતદાનની વચ્ચે ગુરુગ્રામના બાદશાહપુરના અપક્ષ ધારાસભ્ય રાકેશ દૌલતાબાદનું શનિવારે હાર્ટએટેકથી નિધન થયું છે. સવારે ૧૦.૩૦ વાગ્યે હાર્ટએટેક આવ્યા પછી તેમને પાલમ વિહાર સ્થિત મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો થોડીવાર ઉપચાર ચાલ્યો હતો.

જોકે અપક્ષ ધારાસભ્યનો જીવ બચ્યો નહોતો. રાકેશ દૌલતાબાદે ૨૦૧૯ની ચૂંટણીમાં બાદશાહપુર વિધાનસભા સીટથી અપક્ષ ઉમેદવાર તરીકે જીત પ્રાપ્ત કરી હતી. તે પછીથી તેમણે બીજેપી સરકારને સમર્થન કર્યું હતું. તેમણે બીજેપી ઉમેદવાર મનીષ યાદવને હરાવ્યા હતા. તેમની છબી એક સમાજ સેવક તરીકેની હતી.

હરિયાણામાં તાજેતરના રાજકીય ઉથલપાથલ વચ્ચે પણ દૌલતાબાદના ધારાસભ્યો ભાજપને સમર્થન આપી રહ્યા હતા. ત્રણ અપક્ષ ધારાસભ્યોએ ભાજપમાંથી સમર્થન પાછું ખેંચી લીધું હતું, જેના કારણે નાયબ સિંહ સૈની સરકાર પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા હતા. હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહે રાકેશ દૌલતાબાદના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પર તેણે લખ્યું તેમના અચાનક જવાથી હરિયાણાના રાજકારણમાં ખાલીપો સર્જાયો છે.

ગુરુગ્રામ સંસદીય બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રાજ બબ્બરે પણ રાકેશ દૌલતાબાદના અકાળે અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, 'આઘાત અને અત્યંત દુ:ખદ. તેનો હસતો ચહેરો મારી નજરો પરથી ખસતો નથી. ગુડગાંવના બાદશાહપુરથી ધારાસભ્ય રાકેશ દૌલતાબાદના નિધનના સમાચારથી આઘાત લાગ્યો છે. કુટુંબને કેવી રીતે પ્રોત્સાહિત કરવું? આ બધું અચાનક કેવી રીતે બન્યું? હું પ્રાર્થના કરું છું. ભગવાન પરિવારને શક્તિ આપે.રાકેશ દૌલતાબાદના મોતની માહિતી મળતાં જ જેજેપીના લોકસભા ઉમેદવાર રાહુલ ફાઝિલપુરિયા અને બીજેપી નેતા મુકેશ પહેલવાન પણ હોસ્પિટલ પહોંચ્યા હતા.

તેઓ ભારતીય રાષ્ટ્રીય લોકદળની ટિકિટ પર બાદશાહપુરથી બે વખત વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા, પરંતુ બંને વખત હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ તેમણે હાર ન માની અને ત્રીજી વખત અપક્ષ તરીકે ચૂંટણી લડવાનું નક્કી કર્યું અને આ વખતે તેઓ જીત્યા. દિવંગત ધારાસભ્યને બે બાળકો છે. તેના નાના ભાઈનું બે વર્ષ પહેલા કોવિડથી મૃત્યુ થયું હતું.

### ૨૯ મે સુધી દિલ્હીમાં હીટવેવનું એલર્ટ જાહેર

# ગુજરાતથી લઈ દિલ્હી સુધી પ્રચંડ ગરમીથી લોકો પરેશાન

### ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની આગાહી

નવી દિલ્હી, તા.૨૫

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં આ પણ ગરમીનું જોર યથાવત રહેશે. દિલ્હી-એનસીઆર અને ગુજરાત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં આ દિવસોમાં આકરી ગરમી પડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તે જ સમયે, તીવ્ર ગરમીનું મોજું ૨૯ મે સુધી દિલ્હીમાં તબાહી મચાવતું રહેશે. હવામાન વિભાગનું કહેવું છે કે દિલ્હીમાં પણ ગરમીનું જોર યથાવત રહેશે.

દિલ્હીમાં મહત્તમ તાપમાન આજે એટલે કે ૨૫મી મેના રોજ મતદાનના દિવસે ૪૩ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આ સમયગાળા દરમિયાન ગરમીનું મોજું આવવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં ૨૯ મે સુધી હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે જ સમયે, આ અઠવાડિયે દિલ્હીનું દિવસનું તાપમાન ૪૫ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે. IMD અનુસાર, આ સમગ્ર સપ્તાહમાં દિલ્હીનું મહત્તમ તાપમાન ૪૩ થી ૪૫ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે અને લઘુત્તમ તાપમાન ૩૧ થી ૩૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા છે. આ ઉપરાંત આ સપ્તાહ દરમિયાન જોરદાર પવન ચાલુ રહી શકે છે.

ગુજરાતમાં આકરી ગરમીનો કહેર યથાવત છે. દરમિયાન, હવામાન વિભાગે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી હીટવેવની ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ હીટ એલર્ટ જાહેર કર્યું છે, આ દરમિયાન રાજ્યમાં સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૬.૬ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૬ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગર ઉપરાંત સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૫.૯ ડિગ્રી, કચ્છમાં ૪૫.૫ ડિગ્રી, બનાસકાંઠામાં ૪૫.૪ ડિગ્રી અને વડોદરામાં ૪૫ ડિગ્રીએ પહોંચી ગયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ હીટ એલર્ટ ઉપરાંત હવામાન વિભાગે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, પંચમહાલ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, આણંદ, દાહોદ અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ બાદ ગરમીમાં ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. અમદાવાદમાં ચાલી રહેલી ગરમીના કારણે બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ પર વાહનચાલકોને રાહત આપવા માટે ગ્રીન મેટ લગાવવામાં આવી છે. ગુજરાત ડીજીપી અને અમદાવાદ પોલીસ કમિશનરના આદેશ બાદ અમદાવાદમાં ચાર ઈન્ટરસેક્શન પર ગ્રીન મેટ લગાવવામાં આવી છે, જેથી ટ્રાફિક સિગ્નલ પર ઉભા રહેતા વાહનચાલકોને ગરમી અને સીધા સૂર્યપ્રકાશથી થોડી રાહત મળી શકે. ગુજરાતમાં કાળઝાળ ગરમીથી બચવા માટે સીએમ ભૂપેન્દ્ર પટેલે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લોકોને ગરમીથી સાવચેત રહેવા અપીલ કરી છે. સીએમ પટેલે ઠ પર લખ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં લોકોએ બપોરે જરૂર હોય તો જ ઘરની બહાર નીકળવું જોઈએ. જો તમને ગરમીને કારણે સ્વાસ્થ્ય પર કોઈ અસર જણાય, તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરો. આ ઉપરાંત અમદાવાદમાં ગરમીના રેડ એલર્ટને જોતા તમામ કન્સ્ટ્રકશન સાઈટ પર બપોરે ૧ થી ૪ દરમિયાન કામ બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. ૧૧ વાગ્યા સુધીમાં શાળાઓમાં તમામ કામગીરી પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ટ્યુશન સંચાલકોએ પણ ટ્યુશન ક્લાસ બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી બંધ રાખવાની જાહેરાત કરી છે. ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસોથી હીટવેવના કારણે ઘણા લોકોમાં ચક્કર આવવા, માથાનો દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, ઉલ્ટી, પેટમાં દુખાવો જેવી ફરિયાદો વધી રહી છે. જ્યારે ૧૦૮ ઈમરજન્સી સેવાઓને છેલ્લા ૨૦ દિવસમાં ૧૦,૦૦૦ કોલ આવ્યા છે. સુરત અને વડોદરામાં હીટસ્ટ્રોકના કારણે અનેક લોકોના મોત થયાના કિસ્સા સામે આવ્યા છે. વધતી ગરમીના કારણે અચાનક થયેલા મોતનું કારણ જાણવા માટે પણ જરૂરી તપાસ શરૂ કરવામાં આવી છે.

### પશ્ચિમ મિદનાપુર જિલ્લાના ગડબેતા વિસ્તારમાં હુમલો

# ભાજપના નેતાની ગાડી પર પથ્થરમારો, સુરક્ષાકર્મીઓના માથા ફોડી નાખ્યા

### પશ્ચિમ બંગાળમાં ઝારગ્રામ લોકસભા સીટ પર મતદાન દરમ્યાન ભાજપ ઉમેદવાર પ્રાણનાથ ટુડૂની ગાડી પર હુમલો

ઝારગ્રામ, તા.૨૫

વરિષ્ઠ ભાજપ નેતા અને ઝારગ્રામથી ઉમેદવાર પ્રાણનાથ ટુડૂએ શનિવારે દાવો કર્યો કે, પશ્ચિમ મિદનાપુર જિલ્લાના ગડબેતા વિસ્તારમાં તેમના કાફલા પર હુમલો કર્યો, જે બાદ તેમની સાથે ચાલી રહેલા સુરક્ષાકર્મી ઘાયલ થઈ ગયા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. પશ્ચિમ બંગાળમાં ઝારગ્રામ લોકસભા સીટ પર મતદાન દરમ્યાન ભાજપ ઉમેદવાર પ્રાણનાથ ટુડૂની ગાડી પર હુમલો થયો. પથ્થરમારો થયો. કથિત રીતે કેન્દ્ર ફોર્સ સાથે પણ મારપીટ કરવામાં આવી. ગડબેતામાં પ્રાણનાથ ટુડૂની કાર પર હુમલામાં બે સુરક્ષાકર્મી પણ ઘાયલ થઈ ગયા છે. તેમના માથામાં ઈજા થઈ છે. તેમને હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. જ્યારે ટીએમસીનો આરોપ છે કે, ભાજપ વિસ્તારોમાં અશાંતિ ફેલાવી રહી છે.

વરિષ્ઠ ભાજપ નેતા અને ઝારગ્રામથી ઉમેદવાર પ્રાણનાથ ટુડૂએ શનિવારે દાવો કર્યો કે, પશ્ચિમ મિદનાપુર જિલ્લાના ગડબેતા વિસ્તારમાં તેમના કાફલા પર હુમલો કર્યો, જે બાદ તેમની સાથે ચાલી રહેલા સુરક્ષાકર્મી ઘાયલ થઈ ગયા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.આ ઘટના ત્યારે થઈ, જ્યારે ટુડૂ અમુક મતદાન કેન્દ્રો અંદર ભાજપના એજન્ટોને પ્રવેશવા ન દેવાની ફરિયાદ મળતા ગડવેતા જઈ રહ્યા હતા. તેમને દાવો કર્યો કે, અચાનક અમુક લોકોએ રસ્તા પર જામ કર્યો. ત્યાર બાદ ટીએમસીના ગુંડાઓએ તેમની કાર પર ઈંટો ફેંકવાનું શરુ કરી દીધું. જ્યારે તેમના સુરક્ષાકર્મીઓએ હસ્તક્ષેપ કર્યો તો, તેમના પર હુમલો કર્યો. તેમની સાથે સીઆઈએસએફના બે જવાનોના માથામાં ઈજા થઈ છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. સ્થિતિ પર કાબુ કરવા માટે એક મોટી પોલીસ ફોર્સ આ વિસ્તારમાં મોકલી દેવામાં આવી છે. સ્થાનિક ટીએમસી નેતાઓએ આ આરોપ ફગાવી દીધા અને ટુડૂ પર શાંતિપૂર્ણ મતદાન પ્રક્રિયાને ખરાબ કરવાની કોશિશ કરવાનો આરોપ લગાવ્યો છે. એક સ્થાનિક ટીએમસી નેતાએ કહ્યું કે, ભાજપના ઉમેદવાર મતદારોને ધમકી આપી રહ્યા હતા. ગામલોકો ગુસ્સામાં આવી ગયા અને વિરોધ પ્રદર્શન કરવા લાગ્યા. કથિત રીતે ભીડ દ્વારા વિવિધ મીડિયાના વાહનોમાં પણ તોડફોડ કરી.

### ચૂંટણીના દિવસે EVM આવ્યા ચર્ચામાં

# EVM ક્યાંક બગડ્યું તો ક્યાંક ભાજપનો ટેગ મળ્યાની ચર્ચા

### મતદાનમાં EVM ખોટકાયાની ફરિયાદોથી ખળભળાટ

નવી દિલ્હી, તા.૨૫

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં રાજધાની દિલ્હીથી લઈને પશ્ચિમ બંગાળ, જમ્મુ-કાશ્મીરના અનંતનાગ-રાજૌરી અને ઓડિશાની પુરી સીટ સુધી મોટાભાગની બેઠકો પર મતદાન દરમિયાન ઈવીએમ ખોટકાયાની ફરિયાદો સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. રાજધાની દિલ્હીમાં આમ આદમી પાર્ટીનું કહેવું છે કે મતદાન ધીમી ગતિએ ચાલી રહ્યું છે. કેજરીવાલે કહ્યું કે ચૂંટણી પંચે સુનિશ્ચિત કરવું જોઈએ. આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ પણ કહ્યું કે દિલ્હીના કેટલાક વિસ્તારોમાં મતદાન ધીમું છે. ચાંદની ચોકનો દિલ્હી ગેટ વિસ્તાર મુસ્લિમ પ્રભુત્વ ધરાવતો વિસ્તાર છે. અહીંના મતદાન મથક પર લાંબી લાઈનો જોવા મળી રહી છે અને ઈફસ છેલ્લા ૨ કલાકથી બગડેલું છે.મુસ્લિમ મહિલા મતદારોનું કહેવું છે કે તેઓ મોંઘવારી, મહિલા સુરક્ષા અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર મતદાન કરી રહી છે. લોકો વર્તમાન સાંસદ અને સરકારથી નાખુશ છે. સાથે જ પુરુષ મુસ્લિમ મતદારોનું પણ કહેવું છે કે બેરોજગારી સૌથી મોટો મુદ્દો છે અને તેઓ મોંઘવારીથી ખૂબ જ ચિંતિત છે. ઓડિશાની પુરી લોકસભા સીટના ભાજપ ઉમેદવાર સંબિત પાત્રાએ પોતે ફરિયાદ કરી હતી કે ઈફસ મશીન કામ નથી કરી રહ્યું, અમે વાત કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે EVM મશીન કામ નથી કરી રહ્યું, હું રિટર્નિંગ ઓફિસર સાથે વાત કરી રહ્યો છું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ઘણા લોકો આવ્યા હતા અને મશીન કામ ન કરવાને કારણે ઘણા લોકો વોટિંગ કર્યા વિના જ પાછા ફર્યા હતા, તો તેમણે જવાબ આપ્યો કે તેમને સમય વધારવા માટે કહેવામાં આવશે. બીજી તરફ, જમ્મુ-કાશ્મીરની અનંતનાગ-રાજૌરી બેઠક પરથી પીડીપીના ઉમેદવાર મહેબૂબા મુફ્તીએ આરોપ લગાવ્યો કે મશીનો સાથે છેડછાડ કરવામાં આવી રહી છે અને ઘણી જગ્યાએ મશીનો કામ કરી રહ્યાં નથી. જેના કારણે મહેબૂબા મુફ્તી ધરણાં પર બેસી ગયા હતા. પીડીપીના વડા મહેબૂબા મુફ્તીએ આરોપ લગાવ્યો કે પોલીસે પીડીપી પોલિંગ એજન્ટોને કોઈ કારણ વગર પોલીસ સ્ટેશનમાં પૂરી દીધા છે. પશ્ચિમ બંગાળમાં સીએમ મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપ ઈવીએમ સાથે છેડછાડ કરીને વોટિંગ સાથે ચેડાં કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. પાર્ટીએ એમ પણ કહ્યું કે આજે બાંકુરાના રઘુનાથપુરમાં ૫ ઈવીએમ પર ભાજપનું ટેગ જોવા મળ્યું હતું. તેમણે ચૂંટણી પંચને કહ્યું કે તે તરત જ આની તપાસ કરે અને પગલાં લે.ઉત્તર પ્રદેશના વર્તમાન સાંસદ અને સુલતાનપુરના ભાજપના ઉમેદવાર મેનકા ગાંધીએ કહ્યું, ''૨-૩ જગ્યાએ ઈફસ્માં સમસ્યા છે, ૨-૩ જગ્યાએ તો નાની-નાની સમસ્યાઓ છે, કેટલાક અધિકારીઓ પોતે પ્રશિક્ષિત નથી. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં વિવિધ રાજ્યોમાંથી ઈવીએમમાંખરાબી અને છેડછાડના સમાચારો પર ચૂંટણી પંચે કહ્યું કે ચૂંટણી પંચ દરેક ફરિયાદની તપાસ કરી રહ્યું છે અને યોગ્ય તપાસ કર્યા પછી જ તારણોનાં આધારે જવાબ આપવામાં આવશે.

# ચીનમાં ઇસ્લામ ધર્મની છેલ્લી મોટી મસ્જિદ તોડી પડાઇ

બેઈજિંગ, તા.૨૫

ભારતના પાડોશી દેશ ચીનમાં હવે ઈસ્લામ ધર્મની મસ્જિદો પર ત્યાંની સરકાર એક્શન લઈ રહી છે. તાજેતરમાં જ ચીનની છેલ્લી મોટી મસ્જિદના ગુંબજ કે જેણે ઈસ્લામિક શૈલીના વિશેષતાઓને જાળવી રાખી હતી તેને તોડી પડાયુ છે. આ મસ્જિદના મિનારાઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. ચીનમાં ઈસ્લામ પ્રથાને રોકવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. શાદિયનની ગ્રાન્ડ મસ્જિદ ચીનની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. તે દક્ષિણપશ્ચિમ યુનાન પ્રાંત પર સ્થિત છે. ગયા વર્ષ સુધી ૨૧,૦૦૦-ચોરસ-મીટર સંકુલમાં એક મોટી ઈમારતનો સમાવેશ થતો હતો, જેની ટોચ પર અર્ધચંદ્રાકાર ચંદ્ર સાથે ટાઈલવાળા લીલા ગુંબજ હતા. બંને બાજુ ચાર નાના ગુંબજ અને ઊંચા મિનારા હતા. ૨૦૨૨ના સેટેલાઈટ ફોટોમાં જોવા મળ્યું હતું કે મસ્જિદનો પ્રવેશ દ્વાર કાળી ટાઈલ્સથી બનેલો હતો.

આ વર્ષે ફોટોગ્રાફ્સ, સેટેલાઈટ ઈમેજ અને સાક્ષીઓ દર્શાવે છે કે ચીને ગુંબજ હટાવી દીધો છે. તેની જગ્યાએ હાન ચાઈનીઝ સ્ટાઈલ પેગોડાની છત બનાવવામાં આવી છે. મિનારાઓને ટૂંકાવીને પેગોડા ટાવર્સમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. મસ્જિદની બહારથી, છત પર અર્ધચંદ્રાકાર અને તારાઓની ટાઈલ્સની કેડી દેખાય છે. યુનાનની અન્ય ઐતિહાસિક મસ્જિદ નજિયાયિંગમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. તે શાદિયનથી ૧૦૦ માઈલથી પણ ઓછું છે. ચીની કૉમ્યુનિસ્ટ પાર્ટીની સેન્ટ્રલ કમિટીએ ૨૦૧૮માં એક દસ્તાવેજ પ્રકાશિત કર્યો હતો. આમાં મસ્જિદોના નિયંત્રણ અને એકીકરણ વિશે જણાવવામાં આવ્યું હતું. જેમાં સરકારને બને તેટલી વધુ મસ્જિદો તોડીને ઓછી બાંધવા તાકીદ કરવામાં આવી હતી. આવી રચનાઓની કુલ સંખ્યા ઘટાડવાનો પણ પ્રયાસ કરો. આ સિવાય દસ્તાવેજમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે મસ્જિદોના નિર્માણ, લેઆઉટ અને ફાઈનાન્સિંગ પર નજર રાખવામાં આવે.




## લોકસભાનાં ભાજપનાં ઉમેદવારનાં નામને લઈને આંતરિક ઘુંઘવાટ ઉભો થતાં

# અમરેલી જિલ્લાનું ભાવિ રાજકારણ ૪ જૂને નિશ્ચિત થશે

**જો ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા વિજેતા થશે તો જિલ્લાનાં તમામ ધારાસભ્યોની બોલબાલા થશે**

**જો કોંગ્રેસનાં ઉમેદવાર વિજેતા થશે તો ભાજપમાં ચાલતી જુથબંધી વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો નવાઈ નહી**

**જિલ્લાનાં બંને પક્ષોનાં ઉમેદવારની સાથે પોતપોતાના પક્ષનાં અનેક આગેવાનોનું રાજકીય ભાવિ નકકી થશે**

**ભાજપ અને કોંગ્રેસનાં દિગ્ગજ નેતાઓ પોતપોતાનાં ઉમેદવાર વિજેતા થશે તેવો કરે છે દાવો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લો એ રાજયનાં રાજકારણનું એપી સેન્ટર છે. કારણ કે જિલ્લામાં ઉદ્યોગોની કમી, પુરતા પ્રમાણમાં સર્વાંગી વિકાસ ન થતાં જિલ્લાનાં રાજકારણનો જબ્બરો વિકાસ થયો છે. જિલ્લામાં બંને પક્ષો પાસે કાર્યકરોની ફોજ જોવા મળી રહી છે.

અમરેલી લોકસભાનાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનું નામ જાહેર થતાં જ ભાજપમાં ભડકો થયો હતો અને કાર્યકરો વચ્ચે મારામારીની ઘટના પણ બની હતી અને ભાજપનાં ઉમેદવારની પસંદગીમાં જિલ્લા ભાજપનાં પૂર્વ ધારાસભ્ય કે પૂર્વ સાંસદને પણ વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જો ભાજપનાં ઉમેદવાર વિજેતા થશે તો તેમનાં નામની ભલામણ કરનાર જિલ્લાનાં તમામ પાંચેય ધારાસભ્યોનું રાજકીય વજન વધશે અને જો કોંગ્રેસનાં ઉમેદવાર વિજેતા થશે તો ભાજપનાં પૂર્વ ધારાસભ્યો, સાંસદનો દબદબો વધી જશે અને કોંગ્રેસ પક્ષનાં જીવમાં જીવ આવશે અને આગામી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં જબ્બરી રસાકસી થશે.

ભાજપ, કોંગ્રેસનાં ઉમેદવારોની સાથે ૪ જૂને ભાજપ-કોંગ્રેસનાં અન્ય દિગ્ગજ આગેવાનોનું પણ ભાવિ નકકી થશે.

### ડ્રાઈવર તરીકે ઓળખ આપનાર મુસાફર દ્વારા

## બગસરા-કૃષ્ણનગર એસ.ટી. બસના મહિલા કંડકટર સાથે અસભ્ય વર્તન

**સ્થાનિક પોલીસે ફરજમાં રૂકાવટની કરી ફરિયાદ**

અમરેલી, તા. ૨૫

અમદાવાદના ચાંદલોડીયા ગામે રહેતા અને એસ.ટી.માં કંડકટર તરીકે ફરજ બજાવતા હેતલબેન મુકેશભાઈ ફુલેત્રા બગસરા ડેપોથી બગસરા-કૃષ્ણનગર એસ.ટી.બસ નં. જીજે-૧૮-ઝેડ-૮૦૪૧ માં કન્ડકટર તરીકેની કાયદેસરની ફરજમાં હતા. ત્યારે અમરેલી એસ.ટી. ડીવીઝનથી જસકુભાઈ બાવકુભાઈ ધાધલ (રહે. વરસડા) આ બસમાં બેસેલ અને પોતે એસ.ટી. વિભાગમાં ડ્રાઈવર તરીકે હોવાનુ મહિલા કંડકટરને જણાવેલ. જેથી તેણીએ એસ.ટી.નું આઈકાર્ડ માંગતા આરોપીએ પોતાના પાસે આઈકાર્ડ નહી હોવાનુ જણાવેલ હતું. જેથી મહિલા કંડકટરે તેઓને ટીકીટ લઈ લેવા જણાવેલ હોય. તે વાતનું મનદુઃખ રાખી આરોપીએ મહિલા કંડકટર સાથે અસભ્ય વર્તન કરી તેણીને મારવા દોડી મહિલા કંડકટરની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની મહિલા કંડકટરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### પાંચ ઈસમોએ ગેરકાયદેસર મંડળી રચી કર્યો હુમલો

## લાઠી : નાના રાજકોટમાં સોશ્યલ મીડિયામાં થયેલ કોમેન્ટ ને લઈને યુવક ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૫

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે રહેતા અને હીરા કામ કરતાં નરશીભાઈ મેપાભાઈ ગોલીતર નામનાં ૨૫ વર્ષિય યુવકના કાકાના દીકરા નીલેશભાઈ ગોલીતરના નામે આશરે આઠ થી દસ દિવસ પહેલા કોઈ કે ખોટી ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી તે આઈ.ડી.માં આહીર સમાજના દેવાયત બોદર વિશે કોમેન્ટ કરેલ હોય, જે બનાવ અંગે નાના રાજકોટ ગામે આહીર સમાજ તેમજ ભરવાડ સમાજ વચ્ચે ઘર્ષણ થયેલ હોય, તે વાતનુ મનદુઃખ રાખી, આ કામના તે જ ગામે રહેતા આરોપી કુલદીપભાઈ મુનાભાઈ કનાળા, વિજયભાઈ ઉર્ફે દડુભાઈ કરશનભાઈ કનાળા, ભુપતભાઈ ઉર્ફે મુનાભાઈ વિરાભાઈ કનાળા, માલદેવભાઈ ગીગાભાઈ કનાળા તથા એક અજાણ્યા ઈસમ સહિતનાઓએ ગેરકાયદે મંડળી બનાવી છરી તથા તલવાર તથા લોખંડના પાઈપ જેવા હથીયાર ધારણ કરી આવી, રત્ન કલાકાર યુવકને શરીરે આડેધડ માર મારી, નાની મોટી ઈજાઓ કરી તથા વિજયભાઈ ગોલીતરને પણ લોખંડના પાઈપનો ઘા હાથ ઉપર મારી ઈજા કરી તથા રત્ન કલાકાર યુવકે પહેરેલ આશરે બે તોલાનો સોનાનો ચેઈન જે મારામારી સમયે તુટીને નીચે રોડ ઉપર પડી જતા આરોપી કુલદીપભાઈ મુનાભાઈ કનાળાએ આ ચેઈન અપ્રમાણીકતાથી મેળવી લઈ લીધાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### ૧૫ થી ૧૯ મે દરમિયાન

## ધારી : હીરાવા-જીરા ગામનાં માર્ગ ઉપર એલ્યુમિનિયમ વાયરની ચોરી

**પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના ત્રંબકપુર ગામની સીમમાં હીરાવા-જીરા ગામના રોડ રસ્તા પર આવેલ કિશોરભાઈ નાનજીભાઈ ભુવાની વાડી/ખેતરે નવ જેટલા વિજપોલના ભારે દબાણની ચાલુ ઈલેકટ્રીક લાઈનના કુલ આશરે ૧૨૬૦ મીટર ઓલ એલ્યુમિનિયમન જેટલો વાયર આશરે કિંમત રૂપિયા ૨૭.૩૩૫ની અંદાજે ગત તા. ૧૫ થી તા. ૧૯ના ૧૨ દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધારી પીજીવીસીએલના નાયબ ઈજનેર અંકિતકુમાર હસમુખભાઈ વાળાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### ઘણા સમયથી બસને લઈને નારાજગી

## બગસરાનાં એસ.ટી. ડેપો મેનેજરને વિવિધ માંગોને લઈને આવેદનપત્ર પાઠવાયું

**ડેપો મેનેજરે યોગ્ય કરવાની ખાત્રી આપી**



બગસરા, તા. ૨૫

બગસરામાં આજે પેસેન્જર એસોસિયેશન તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સાથે મળી બગસરા ડેપો મેનેજરને આજે આવેદન આપવામાં આવ્યુ હતું. જેમાં બગસરાથી ગામડામાં ચાલુ રૂટો બંધ થઈ ગયા છે જેના લીધે પેસેન્જરોને ધોમ ધખતા તાપમાં ખાનગી વાહનોમાં જવું પડતું હોય છે તે રૂટો ચાલુ કરવા અને નવા રૂટો જેવા કે માતાના મઢ, કબરાવ ભુજ તેમજ દ્વારકા જેવા રૂટો શરૂ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી તેમજ બગસરાથી જામનગર ઉપડતી બસ જે એકસપ્રેસ છે છતાં ઓનલાઈન બુકિંગ થતું નથી. તો આ બસોને ઓનલાઈન કરવા વિનંતી અને જો ઓનલાઈન ના થાય એમ હોય તો લોકલમાં રૂપાંતર કરવી તેમજ કલેકટરના જાહેરનામા પ્રમાણે વનવેના નિયમ મુજબ બગસરામાં પ્રવેશ કરતી તમામ બસો જે કુંકાવાવ નાકાથી આવતી બસોને જાવકમાં પોલીસ સ્ટેશનથી જવાનું હોય છે. પરંતુ હાલમાં અમુક બસો વન વેના નિયમનું પાલન કર્યા વિના ફરી પછી કુંકાવાવ નાકાથી જતી હોય છે તો જેના હિસાબે ટ્રાફિકની સમસ્યા ખૂબ રહેતી હોય છે તે તમામ બસોને આ નિયમનું પાલન કરવું આવા અનેક પ્રકારના પ્રશ્નનું નિવારણ કરવા પેસેન્જર એશોસિયેશન દ્વારા ડેપો મેનેજરને આવેદન આપવામાં આવ્યુ હતું. ત્યારે ડેપો મેનેજર દ્વારા આ તમામ પ્રશ્નનું નિવારણ તત્કાલ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.


### મારૂતિનગર શાળા નં. ૪ સામે રહેતા

## સાવરકુંડલાના વિરલ ડોડીયા નામનાં ૩૯ વર્ષિય યુવકનું ઝાડા ઉલ્ટીથી મોત

**સ્થાનિક પોલીસમાં જાહેર થયું**

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા ગામે આવેલ મારૂતિનગર, શાળા નં. ૪ સામે રહેતા વિરલભાઈ મનસુખભાઈ ડોડીયા નામનાં ૩૯ વર્ષિય યુવકને તા. ૨૪ના રોજ સતત ઝાડા ઉલ્ટી થઈ જતા તેમને નબળાઈ આવી જતા તેમનું સારવાર દરમ્યાન મરણ થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)